# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 28-07-2026 | VOL : 12 | Issue : 133 | Page : 8 | Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

પ્રયત્ન ક્યારેય વ્યર્થ જતો નથી. નાની શરૂઆત પણ મોટી સફળતા લાવી શકે છે.

3  આને કહેવાય 'અધિકારી રાજ'! ભરૂચના સાંસદ મનસુખ વસાવાની ભલામણ...


4  સુપ્રીમ કોર્ટની પોલીસ અને આંદોલનકારીઓને લાલ આંખ...

6  મૃણાલ ઠાકુર અને ક્રિકેટર યશસ્વી જયસ્વાલ વચ્ચે શુ રંધાઈ રહ્યુ છે?

7  સેમસન સાથે અન્યાય અને અભિષેકને 'મોકે પે મોકા'

## એક નજર...

### આંચલ મુજાલનો ક્યૂટ અને સ્ટાઈલિશ લુક, તસવીરો જોઈને ફેન્સ થયા દીવાના



આંચલ જાણીતી એક્ટ્રેસ છે. સાઉથ સિનેમામાં આંચલનું મોટુ નામ છે. અભિનેત્રી તેની ગ્લેમરસ તસવીરો શેર કરી સતત ચર્ચામાં રહે છે.આંચલ મુંજાલે હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર ગ્લેમરસ અંદાજમાં તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં અભિનેત્રીનો ગ્લેમરસ અંદાજ જોવા મળી રહ્યો છે. નવા લૂકમાં અભિનેત્રી આંચલ પોતાનું હોટ ફિગર ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે.

## દિલ્હીમાં વધુ એક આંદોલન!
# હવે ઈથેનોલ મુદ્દે 4 ઓગસ્ટે સંસદ ઘેરવાની તૈયારીમાં ટ્રાન્સપોર્ટ યુનિયન

નવી દિલ્હી

દિલ્હીના વિવિધ ટ્રાન્સપોર્ટ સંગઠનોએ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20 Fuel)ના ફરજિયાત ઉપયોગ સામે મોરચો માંડ્યો છે. 'દિલ્હી ટેક્સી એન્ડ ટૂરિસ્ટ ટ્રાન્સપોર્ટર્સ એન્ડ ટૂર ઓપરેટર્સ એસોસિએશન' સહિતના સંગઠનોએ આ નીતિના વિરોધમાં અને E20 પેટ્રોલ પાછું ખેંચવાની માંગ સાથે આગામી 4 ઓગસ્ટના રોજ સંસદ ભવન તરફ માર્ચ યોજવાની જાહેરાત કરી છે. એસોસિએશનના પ્રમુખ સંજય સમ્રાટે જણાવ્યું હતું કે, 'દેશભરમાંથી વાહનોમાં ઈથેનોલ મિશ્રિત ઈંધણના કારણે એન્જિન ખરાબ થવા અને માઈલેજ ઘટવાની ફરિયાદો આવી રહી છે. આ મુદ્દે સુતેલા સાંસદોને જગાડવા માટે આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, આ કોઈ રાજકીય ચળવળ નથી કે, તેઓ કોઈ ચોક્કસ પક્ષ સાથે જોડાયેલા નથી.' ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસના નેશનલ પ્રેસિડેન્ટ હરીશ સભરવાલે જણાવ્યું કે, 'સરકાર દ્વારા વાહનચાલકો પર E20 ફ્યુઅલ જબરદસ્તીથી લાદવામાં આવી રહ્યું છે. ગ્રાહકો પાસે સામાન્ય પેટ્રોલ ખરીદવાનો કોઈ વિકલ્પ રાખવામાં આવ્યો નથી, જેનો તેઓ વિરોધ કરી રહ્યા છે. ઓલ ઈન્ડિયા મોટર એન્ડ ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ રાજેન્દર કપૂરે પણ આ મુદ્દાને ગંભીર ગણાવતા કહ્યું કે, આ ઈંધણથી વાહનોને ભારે નુકસાન થઈ રહ્યું છે, અને સરકારે સામાન્ય પેટ્રોલ અને E20 વચ્ચે



પસંદગીનો વિકલ્પ આપવો જોઈએ.' ઉલ્લેખનીય છે કે, સોશિયલ મીડિયા પર પણ E20 ફ્યુઅલ સામે મોટું અભિયાન ચાલી રહ્યું છે, જેમાં એન્જિનમાં આવતી ખામીઓ અને માઈલેજ ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, સરકારે આ આક્ષેપોને ફગાવતા જણાવ્યું છે કે, આ ઈંધણ સુરક્ષિત, સ્વચ્છ અને ખેડૂતો માટે ફાયદાકારક છે. દિલ્હીના વિવિધ ટ્રાન્સપોર્ટ સંગઠનોએ E20 ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના ફરજિયાત ઉપયોગ સામે મોરચો માંડ્યો છે.

## ફરી આંદોલન કરીશું: કોકરોચ જનતા પાર્ટીની સરકારને ચેતવણી! કહ્યું- દગો સાંખી નહીં લેવાય



નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટી(CJP)એ કેન્દ્ર સરકાર સામે કડક વલણ અપનાવતા ખુલ્લી ચેતવણી આપી છે. CJPનું કહેવું છે કે, આંદોલનકારીઓ સામે કોઈ પોલીસ કાર્યવાહી ન કરવા અંગે અગાઉ થયેલા કરારનો સતત ભંગ થઈ રહ્યો છે. જો તમામ FIR પાછી ખેંચવામાં નહીં આવે અને અટકાયત કરાયેલા વિદ્યાર્થીઓને મુક્ત કરવામાં નહીં આવે, તો સંગઠન ફરીથી દેશવ્યાપી ધરણા પ્રદર્શન શરૂ કરવા માટે મજબૂર બનશે. CJPના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંકાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને ડૉ. જિતેન્દ્ર સિંહને ટેગ કરીને એક કડક સંદેશ જાહેર કર્યો છે. આશુતોષ રાંકાએ આક્ષેપ કર્યો છે કે, બિહાર અને બંગાળમાં સબળ પુરાવા વિના પણ સેંકડો વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત દિલ્હી અને અન્ય રાજ્યોમાં પ્રદર્શનકારીઓ તથા તેમને સહાય પૂરી પાડતા સ્વયંસેવકો પર સતત નજર રાખવામાં આવી રહી છે, અને તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે, જે અગાઉ થયેલા કરારનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.

# સંસદમાં સરકાર-વિપક્ષ વચ્ચે ગતિરોધ સમાપ્ત...!
## એન્ટી પેપર લીક બિલ પર આજે થશે ચર્ચા અને વોટિંગ

નવી દિલ્હી

લોકસભામાં સરકાર અને વિપક્ષ વચ્ચે ચાલી રહેલો ગતિરોધ આખરે સમાપ્ત થયો છે. પેપર લીક સંબંધિત બિલ પર આવતીકાલે (28 જુલાઈ) સદનમાં ચર્ચા થશે. લોકસભા સ્પીકર ઓમ બિરલાની પહેલ બાદ તમામ મુખ્ય રાજકીય પક્ષોએ મંગળવારથી આ મહત્ત્વપૂર્ણ બિલ પર ચર્ચા શરૂ કરવા સહમતિ વ્યક્ત કરી છે.



અધ્યક્ષ ઓમ બિરલાની અપીલ. સદનની કાર્યવાહી દરમિયાન અધ્યક્ષ ઓમ બિરલાએ તમામ પક્ષોને અપીલ કરી હતી કે, આ વિષય દેશના કરોડો વિદ્યાર્થીઓ, યુવાનો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની પારદર્શિતા સાથે જોડાયેલો છે. આવી સ્થિતિમાં આના પર વ્યાપક અને સાર્થક ચર્ચા થવી જરૂરી છે. સ્પીકરની આ સકારાત્મક પહેલ બાદ લોકસભા અધ્યક્ષે ખુદ વિવિધ રાજકીય પક્ષોના ફ્લોર લીડર્સ સાથે વાતચીત કરી. જેના પરિણામે સત્તાપક્ષ અને વિપક્ષ બંનેએ સહમતિ સાધીને મંગળવારે બિલ પર વિસ્તૃત ચર્ચા કરાવવાનો નિર્ણય લીધો છે. આનાથી સદનમાં સહમતિ અને સંવાદની ભાવનાને પણ બળ મળ્યું છે. આ બિલ જાહેર પરીક્ષાઓમાં પેપર લીક, નકલ, સંગઠિત પરીક્ષા માફિયા અને અન્ય અયોગ્ય સાધનો પર અસરકારક રોક લગાવવાના હેતુથી લાવવામાં આવ્યું છે. મંગળવારે થવા જઈ રહેલી ચર્ચા દરમિયાન વિવિધ પક્ષો બિલની જોગવાઈઓ પર પોતાના સૂચનો અને સુધારા પણ રજૂ કરી શકે છે.

## મહારાષ્ટ્રમાં NEETની વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી

મુંબઈ

મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લામાં NEETમાં ઓછા માર્ક્સ આવવાથી પરેશાન એક વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી. જલાલપુર ગામની રહેવાસી અંકિતા સાંગલેને પરીક્ષામાં 720 માંથી 166 માર્ક્સ મળ્યા હતા. પરિવાર મુજબ, તે રિઝલ્ટ પછીથી તણાવમાં હતી. શનિવારે સાંજે તેનો મૃતદેહ ઘરમાંથી મળ્યો. પોલીસને ઘટનાસ્થળેથી મરાઠીમાં લખેલી એક સુસાઈડ નોટ મળી છે. તેમાં અંકિતાએ લખ્યું- તમે બધાએ મને ખૂબ પ્રેમ આપ્યો, પરંતુ હું તમારી એક પણ ઈચ્છા પૂરી ન કરી શકી. મારા મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી. તેણે પોતાના ભાઈને માતા-પિતાનું ધ્યાન રાખવાની પણ અપીલ કરી છે. પોલીસે આ મામલે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધી તપાસ શરૂ કરી દીધી છે.

## NEWS TRACK

### દ.કોરિયામાં સદીના સૌથી મોંઘા છૂટાછેડા : ઉદ્યોગપતિએ પત્નીને 8200 કરોડ ચૂકવવા કોર્ટનો આદેશ

દક્ષિણ કોરિયાના ઉદ્યોગપતિ અને એસકે જૂથના ચેરમેન ચેય તાએ-વોનના છૂટાછેડા ફરી એક વખત ચર્ચામાં છે. દક્ષિણ કોરિયાની કોર્ટે તાએ-વોનને ડાયવોર્સ સેટલમેન્ટમાં ભૂતપૂર્વ પત્નીને 645 મિલિયન ડોલર (અંદાજે રૂ. 8200 કરોડ)થી વધુ રકમ ચૂકવવા આદેશ આપ્યો છે. રો સોહ-યોંગને આ રકમ ચૂકવવા માટે ટેક ઉદ્યોગપતિ તાએ-વોને તેની એસેટ્સ વેચવી પડશે, નાણાં ઉધાર લેવા પડશે અથવા શૅર ગીરવે મુકવા પડશે. સિયોલ હાઈકોર્ટે શુક્રવારે છૂટાછેડાની સમજૂતીની રકમ ઘટાડીને 944 અબજ વોન કરી દીધી છે. આ રકમ ભારતીય ચલણમાં અંદાજે રૂ. 8200 કરોડ જેટલી થાય છે. એસકે ગ્રૂપમાં તાએ-વોનના શૅરના હિસ્સાના મહત્વને સમજતા હાઈકોર્ટે ઉદ્યોગપતિને શેર ટ્રાન્સફરના બદલે રોકડમાં આ રકમ ચૂકવવા આદેશ કર્યો છે. આ પહેલા 2024માં અપીલ કોર્ટે તાએ-વોનને છૂટાછેડાની સમજૂતીના ભાગરૂપે 1.38 ટ્રિલિયન વોન ચૂકવવા આદેશ આપ્યો હતો. આ હાઈપ્રોફાઈલ કેસ ઘણા લાંબા સમયથી 'સદીના સૌથી મોંઘા છૂટાછેડા' તરીકે ચર્ચામાં છે. જોકે, આ કેસ હજુ પૂરી રીતે ખતમ થયો નથી.

### ભયાનક ભૂકંપ બાદ વેનેઝુએલાની જમીન 2 ફૂટ ખસી ગઈ, ઈસરો-નાસાની સેટેલાઈટ તસવીરોમાં ખુલાસો

વેનેઝુએલામાં તાજેતરમાં આવેલા બે વિનાશક ભૂકંપને લઈને ભારતીય અંતરિક્ષ એજન્સી ISRO અને અમેરિકન અંતરિક્ષ એજન્સી NASAના સંયુક્ત મિશન 'NISAR' સેટેલાઈટે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. સેટેલાઈટ ડેટાના વિશ્લેષણ પરથી સામે આવ્યું છે કે આ ભીષણ ભૂકંપના કારણે કેટલીક જગ્યાઓએ જમીન લગભગ 60 સેન્ટીમીટર (આશરે 2 ફીટ) સુધી ખસી ગઈ હતી. જમીનના આ મોટા વિસ્થાપનને કારણે જ દેશની રાજધાની કાસાકસ અને લા ગુએરા જેવા વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ હતી. ભૂકંપ પહેલા અને પછીના સેટેલાઈટ ડેટાનો અભ્યાસ વૈજ્ઞાનિકોએ 24 જૂને આવેલા ભૂકંપ પહેલાં અને પછી NISAR સેટેલાઈટ દ્વારા લેવાયેલી પૃથ્વીની તસવીરોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. આ માટે 13 અને 18 જૂનના ડેટાની સરખામણી 25 અને 30 જૂને મેળવેલા ડેટા સાથે કરવામાં આવી હતી, જેથી ભૂકંપના કારણે પૃથ્વીની સપાટી પર થયેલા ભૌગોલિક ફેરફારોને સચોટ રીતે સમજી શકાય.

# આને કહેવાય 'ચા કરતા કીટલી ગરમ'! કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ASI નો વિવાદ, આખાય પૂર્વ અમદાવાદમાં ખાનગી વહીવટદારોનું સામ્રાજ્ય: દારૂ-જુગારના અડ્ડાઓ પરથી મહિનાનો કરોડોનો હપ્તો ઉઘરાવાતો હોવાનો ધડાકો!

## મેઘાણીનગર, અમરાઈવાડી, નરોડા અને કૃષ્ણનગરમાં એક જ વહીવટદારની 'સમાંતર સત્તા'! બદલી અને સસ્પેન્શન છતાં વિવાદિત વહીવટદાર પીયૂષ દેસાઈનું 'સેટિંગ'! ACB અને પોલીસ કમિશનર કેમ મૌન?

પાક્કો ગુજરાત ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં હાલ 'ચા કરતા કીટલી ગરમ' જેવો ઘાટ સર્જાતાં આખું પોલીસ બેડું શરમાઈ ગયું છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ASI રાજેન્દ્ર પટેલ નામના કર્મચારી પોતાની પરની તમામ ખાખી મર્યાદાઓ ઓળંગીને પી.આઈ. (PI) અને એસીપી (ACP) કક્ષાના સિનિયર અધિકારીઓને પણ ગોળીને પી ગયા હોય તેવા ચોંકાવનારા દ્રશ્યો સર્જાયા છે. પરંતુ આ ખાખી વર્દીના અહંકાર પાછળનો અસલી ખેલ તો કરોડો રૂપિયાના 'હપ્તા રાજ' અને ગેરકાયદેસર કાળા કારોબારનો છે. પૂર્વ અમદાવાદના કૃષ્ણનગર, મેઘાણીનગર, અમરાઈવાડી અને નરોડા પોલીસ સ્ટેશનો પર ખાખીધારીઓનું નહીં, પરંતુ ખાનગી વહીવટદારોનું સામ્રાજ્ય ચાલી રહ્યું હોવાનો ગંભીર ધડાકો થયો છે!

### 4-4 પોલીસ સ્ટેશનોનો વહીવટ એક જ શખ્સના હાથે? કયા 'સાહેબ'ના આશીર્વાદ?

અગાઉ અનેક વિવાદોમાં સસ્પેન્ડ થઈ ચૂકેલો અમદાવાદનો કથિત અને કુખ્યાત વહીવટદાર પીયૂષ દેસાઈ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રસ્થાને આવ્યો છે.

જિલ્લા બહાર બદલી છતાં સેટિંગ: પીયૂષ દેસાઈની કાગળ પર અમદાવાદ બહાર બદલી થઈ ગઈ હોવા છતાં, તે અમદાવાદ છોડવા તૈયાર નથી. કયા આકાઓના સેટિંગથી આ વિવાદિત શખ્સ અમદાવાદમાં જ હાજર રહીને 'સમાંતર સત્તા' ચલાવે છે?

કૃષ્ણનગર, મેઘાણીનગર, અમરાઈવાડી અને નરોડામાં નેટવર્ક: આક્ષેપ છે કે આ એક જ શખ્સ પૂર્વ અમદાવાદના કૃષ્ણનગર, મેઘાણીનગર, અમરાઈવાડી અને નરોડા પોલીસ સ્ટેશનના પી.આઈ., સેક્ટર સાહેબ અને ઉચ્ચ અધિકારીઓનો તમામ નાણાકીય વહીવટ (હપ્તા ઉઘરાણી) સંભાળી રહ્યો છે.

પેટા-વહીવટદારોની ફોજ: આ ચારેય વિસ્તારોમાં અને ખાસ કરીને કૃષ્ણનગરમાં સ્થાનિક સ્તરે દારૂ-જુગારના અડ્ડાઓ પાસેથી રોકડા ઉઘરાવવા માટે કૃણાલ દેસાઈ નામના પેટા-વહીવટદારને ફિલ્ડમાં ઉતારી દેવાયો છે!

### 20થી 25 લાખનો 'પોસ્ટિંગ ખર્ચ' અને દારૂ-જુગારનો કરોડોનો કારોબાર!

સૂત્રો પાસેથી મળતી અત્યંત સનસનાટીભરી માહિતી મુજબ:

પી.આઈ. ની બદલીનું ગણિત: અમદાવાદના નરોડા, અમરાઈવાડી, મેઘાણીનગર કે કૃષ્ણનગર જેવા મલાઈદાર પોલીસ સ્ટેશનનો ચાર્જ મેળવવા કે બદલી કરાવવા માટે ૨૦ થી ૨૫ લાખ રૂપિયા સુધીનો ખર્ચો કરવામાં આવે છે.

હપ્તાની રિકવરી: આ રોકાણ વસૂલવા માટે જ ચારેય પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખુલ્લેઆમ દેશી-વિદેશી દારૂના અડ્ડા, વરલી-મટકા અને જુગારધામો ચલાવવાની છૂટ આપવામાં આવે છે.

વિસ્તારમાં ઝેરી કેમિકલવાળો દારૂ: નરોડા, મેઘાણીનગર અને અમરાઈવાડીના ગીચ રહેણાંક વિસ્તારોમાં કેમિકલયુક્ત ઝેરી દારૂનું બેફામ વેચાણ થઈ રહ્યું છે.

### 'પાક્કો ગુજરાત'ના સીધા અને સણસણતા સવાલો...

1. જો મેઘાણીનગર, અમરાઈવાડી કે નરોડા વિસ્તારમાં આ ઝેરી કેમિકલવાળા દારૂના કારણે કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાય અને નિર્દોષ લોકોના જીવ જાય, તો તેનો જવાબદાર કોણ? હપ્તાખોર વહીવટદાર પીયૂષ દેસાઈ કે આંખ આડા કાન કરતા પી.આઈ.?
2. જેની બદલી થઈ ગઈ છે અને જે અગાઉ સસ્પેન્ડ થઈ ચૂક્યો છે, તે પીયૂષ દેસાઈ 4-4 પોલીસ સ્ટેશનોનો મહિને કરોડો રૂપિયાનો હપ્તો ઉઘરાવીને અબજોનો આસામી કેવી રીતે બની ગયો?
3. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) અને અમદાવાદ પોલીસ કમિશનર આ કથિત વહીવટદારો અને કરોડોની કમાણી કરનારા પી.આઈ. ની મિલકતોની તપાસ કેમ નથી કરતા?

હવે તો જાગો, કમિશનર સાહેબ!

પ્રજાની સુરક્ષા માટે મુકાયેલી પોલીસ જ્યારે માત્ર વહીવટદારોના ઈશારે નાચતી થઈ જાય અને દારૂ-જુગારના અડ્ડાઓમાંથી હપ્તા રોકડા કરવામાં જ મસ્ત રહે, ત્યારે સમગ્ર પૂર્વ અમદાવાદમાં કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ રામ ભરોસે બની જાય છે. હવે જોવાનું એ રહેશે કે આ સણસણતા અહેવાલ બાદ ગૃહ વિભાગ અને અમદાવાદ પોલીસ કમિશનર ખાખીને કલંકિત કરતા આ વહીવટદારો સામે ખાંડાની ધાર જેવી કાર્યવાહી કરે છે કે પછી 'સબ સેટ હૈ' કહીને મામલો રફેદફે કરી દેવાય છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ગુજરાતમાં એકસાથે 5 હવામાન સિસ્ટમ સક્રિય : મેઘરાજાનું તાંડવ, અમદાવાદ સહિત 17 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

અમદાવાદ/ગાંધીનગર

રાજ્યમાં ચોમાસુ પૂર્ણ પરિપક્વ તબક્કામાં પહોંચતાં જ મેઘરાજાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. હવામાન વિભાગની સત્તાવાર માહિતી અનુસાર, હાલમાં એકસાથે 5 અલગ-અલગ વાતાવરણીય સિસ્ટમ સક્રિય થવાના કારણે સમગ્ર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદનો સિલસિલો શરૂ થયો છે. મેઘતાંડવની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા અમદાવાદ સહિત રાજ્યના 17 જિલ્લાઓમાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. આકાશી આફતના કારણે રાજ્યના નીચાણવાળા વિસ્તારો, નદી-નાળાં અને જાહેર માર્ગો જળમગ્ન બન્યા છે, જેના કારણે સામાન્ય જનજીવન ભારે પ્રભાવિત થયું છે.

વરસાદી પાણીના ભારે વહાવ અને જળબંબાકારની સ્થિતિ વચ્ચે અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના ધિંગડા ગામ નજીક એક ગંભીર ઘટના સામે આવી હતી. પાણીના પ્રવાહમાં બસ ફસાઈ: ધિંગડા પાસે માર્ગ પરથી પસાર થઈ રહેલી એક બસ અચાનક પાણીના ભારે પ્રવાહમાં ફસાઈ ગઈ હતી, જેના કારણે બસમાં સવાર મુસાફરોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

## અતિવૃષ્ટિનો ભોગ બનેલા વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર : રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળનો મોટો અને સંવેદનશીલ નિર્ણય

ગાંધીનગર

રાજ્યમાં તાજેતરમાં થયેલી ભારેથી અતિભારે અતિવૃષ્ટિના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ કુદરતી આપદામાં પાણી ભરાઈ જવાના કારણે અનેક પરિવારના ઘરવખરી સાથે બાળકોના અભ્યાસના ચોપડા, પાઠ્યપુસ્તકો અને સ્ટેશનરી પણ પલળીને નાશ પામ્યા હતા. આ કપરી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ ન બગડે અને તેમના પર કોઈ આર્થિક બોજ ન પડે તે માટે રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે એક અત્યંત પ્રશંસનીય અને સંવેદનશીલ નિર્ણય લીધો છે.

રાજ્ય સરકારે જાહેરાત કરી છે કે અતિવૃષ્ટિ પ્રભાવિત તમામ વિદ્યાર્થીઓને નવા પાઠ્યપુસ્તકો સંપૂર્ણપણે વિનામૂલ્યે આપવામાં આવશે!

ભારે વરસાદના કારણે ખાસ કરીને ગ્રામીણ અને નીચાણવાળા વિસ્તારોના પરિવારોએ ભારે નુકસાન સહન કરવું પડ્યું છે. આ પરિસ્થિતિમાં બાળકોનું શિક્ષણ અટકી ન જાય તે હેતુથી શિક્ષણ વિભાગ અને પાઠ્યપુસ્તક મંડળ તાત્કાલિક એક્શન મોડમાં આવ્યું છે. શિક્ષણ બગાડ વગર ત્વરિત સહાય: જે વિદ્યાર્થીઓના પુસ્તકો પૂરમાં પલળી ગયા છે કે તણાઈ ગયા છે, તેમને તાત્કાલિક ધોરણે શાળા મારફતે નવા પાઠ્યપુસ્તકોનો સેટ પૂરો પાડવામાં આવશે.

વાલીઓ માટે મોટી રાહત: કુદરતી આફતમાં આર્થિક રીતે ઘવાયેલા વાલીઓ પર નવા પુસ્તકો ખરીદવાનો વધારાનો બોજ ન પડે તે માટે મંડળનો આ નિર્ણય આશીર્વાદરૂપ સાબિત થશે.

રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના આ માનવતાવાદી નિર્ણયને સમગ્ર રાજ્યના વાલીઓ અને શિક્ષણકારો વધાવી રહ્યા છે. અતિવૃષ્ટિની મુશ્કેલીઓ વચ્ચે આ નિર્ણયે પ્રભાવિત બાળકોના ચહેરા પર ફરી સ્મિત લાવી દીધું છે.

## ચૈતર વસાવાના સમર્થનમાં આમ આદમી પાર્ટીનો હુંકાર: ગોપાલ ઈટાલિયા અને મનોજ સોરઠીયાની ઉપસ્થિતિમાં ગરજ્યા કાર્યકરો

નર્મદા / નવસારી

આદિવાસીઓના અવાજ અને આમ આદમી પાર્ટીના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં 'આપ' દ્વારા એક ભવ્ય અને વિરાટ જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ નેતૃત્વ અને કાર્યકરોના ઉમળકા વચ્ચે યોજાયેલી આ મહા-જનસભામાં જનમેદનીનો સાગર ઉમટી પડ્યો હતો.

આપના પ્રદેશ નેતા અને ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની ખાસ ઉપસ્થિતિમાં યોજાયેલી આ જનસભાએ રાજ્યના રાજકારણમાં મોટો ગરમાવો લાવી દીધો છે. જનસભામાં હાજર નેતાઓએ સત્તાધારી પક્ષ સામે સીધા પ્રહારો કરતાં સ્પષ્ટ કર્યું હતું કે જનતાના હકની લડાઈ લડતા ચૈતર વસાવા એકલા નથી, આખી જનતા અને સમગ્ર પક્ષ તેમની સાથે મજબૂતીથી ઉભો છે.

"ગરીબ અને આદિવાસીઓના અવાજને દબાવવાનો પ્રયાસ સફળ નહીં થાય!" - ગોપાલ ઈટાલિયા

જનસભાને સંબોધતા ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પોતાના અનોખા અને આક્રમક અંદાજમાં સત્તાધીશો પર સણસણતા પ્રહારો કર્યા હતા.

## 16 વર્ષથી ચિત્ર શિક્ષકોની ભરતી નહીં, ઉમેદવારોમાં રોષ:માંગણી નહીં સ્વીકારાય તો 5 ઓગસ્ટે સચિવાલયના ગેટ પાસે મહાઆંદોલનની ચીમકી

ગાંધીનગર

ગુજરાતની સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં છેલ્લા 15-16 વર્ષથી કાયમી ચિત્ર શિક્ષકોની સીધી ભરતી ન થતાં ફાઈન આર્ટ્સ અને આર્ટ ટીચર ડિપ્લોમા પાસ કરેલા ઉમેદવારોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આજે ચિત્ર શિક્ષક ઉમેદવારો તથા કલા શિક્ષક સંઘ દ્વારા શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરી ચિત્ર વિષયના શિક્ષકોની તાકીદે ભરતી શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી. ઉમેદવારોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં દર વર્ષે કલા મહાકુંભ, કલા ઉત્સવ અને વિવિધ ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, પરંતુ શાળાઓમાં વિદ્યાર્થીઓને ચિત્ર અને કલા વિષયનું પદ્ધતિસરનું શિક્ષણ આપવા કાયમી શિક્ષકોની પૂરતી નિમણૂક કરવામાં આવતી નથી. લાંબા સમયથી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં ન આવતા હજારો લાયક ઉમેદવારો ભરતીની રાહ જોઈ રહ્યા છે અને અનેક ઉમેદવારો વયમર્યાદા વટાવી રહ્યા છે.

### કાગડાપીઠ બન્યું 'ગુનાખોરીનું એપિસેન્ટર'

# ખાખીના રક્ષણ હેઠળ ચાલતી ગેરકાયદે સલ્તનતનો પર્દાફાશ!

## વહીવટદાર વિજયસિંહનું અબજોનું અંધારું સામ્રાજ્ય: પીઆઈ એસ. એ. ગોહિલની શંકાસ્પદ ચુપકીદી કે મજબૂરી? ઝેરી કેમિકલના વેપારથી અમદાવાદ પર તોળાતો બીજા લઠ્ઠાકાંડનો મોટો ખતરો!

અમદાવાદ, પાક્કો ગુજરાત ન્યૂઝ

ગુજરાત સરકાર અને ગૃહવિભાગ તરફથી ભલે ઝીરો ટોલરન્સ નીતિની વાતો કરવામાં આવતી હોય, પરંતુ અમદાવાદ શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચિત્ર સાવ ઊલટું છે. કાગડાપીઠ પોલીસ સ્ટેશનના વર્તમાન સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર (PI) એસ.એ. ગોહિલના શાસનમાં અને તેમના કહેવાતા સૌથી ખાસ તેમજ 'લાડકા' વહીવટદાર વિજયસિંહના છૂટા દોરે આખો વિસ્તાર દારૂ અને વરલી મટકા જુગારનું મોટું હબ બની ચૂક્યો છે. કાયદાના રક્ષકો જ જ્યારે ભક્ષક બને ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળી શકે છે, તેનો જીવતો-જાગતો પુરાવો કાગડાપીઠની ગલીઓમાં જોવા મળી રહ્યો છે.

### ગલીએ-ગલીએ ધમધમતી અડ્ડાબાજી: જુઓ અડ્ડાઓનું ગ્રાઉન્ડ લિસ્ટ

અમારા 'પાક્કો ગુજરાત'ના ગુપ્ત સૂત્રો દ્વારા કાગડાપીઠ વિસ્તારના ખૂણે-ખૂણે ચાલતા ગેરકાયદે ધંધાઓનું નેટવર્ક સામે આવ્યું છે, જેમાં ખુલ્લેઆમ ખાખીનો ડર રાખ્યા વિના કાળો કારોબાર ચાલી રહ્યો છે:

જ્યોતિ અંકુર ગલી: આ રહેણાંક વિસ્તારમાં દેશી દારૂના ભયાનક અડ્ડાઓ ચાલી રહ્યા છે, જ્યાં દિવસ-રાત અસામાજિક તત્વોનો જમાવડો રહે છે અને સ્થાનિક રહીશો તથા મહિલાઓનું જીવવું હરામ થઈ ગયું છે.

અનિલ લાખા રોજની વોરાની બાજુમાં: કાયદાના ધજાગરા ઉડાવીને અહીં વરલી મટકાના જુગારનો મસમોટો આંકડાનો રમત-કાંડ ચલાવવામાં આવે છે.

મુન્ના શ્રીરામ ચાની કીટલી પાસે (સૂરિયા અને લતાના અડ્ડા): ચાની કીટલી જેવા જાહેર સ્થળની આસપાસ જ સૂરિયા અને લતા નામના બુટલેગરો દ્વારા દેશી દારૂની ખુલ્લેઆમ લહાણી કરવામાં આવે છે.

હનુમાનજી મંદિર પાસે (મુકેશ-તેજલ હુલાડિયા): ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમાન હનુમાનજી મંદિર નજીક જ મુકેશ અને તેજલ હુલાડિયા દારૂની ભઠ્ઠીઓ અને અડ્ડા ચલાવીને પવિત્રતાનો અનાદર કરી રહ્યા છે.

સંતોક પશો (બહેરામપુરા): બહેરામપુરા વિસ્તારમાં સંતોક પશો દેશી દારૂનું મોટું સામ્રાજ્ય ચલાવે છે, જ્યાંથી આખા વિસ્તારમાં પોટલીઓનું સપ્લાય થાય છે.

હોલસેલ નેટવર્ક અને જાળ: દેશી દારૂના મુખ્ય હોલસેલ વેપારીઓ અક્ષય, રાજુ કોષ્ટિ, હરી પોટર અને ગલ્લો આખા અમદાવાદ શહેરમાં કેમિકલયુક્ત દારૂની હેરાફેરી (સપ્લાય) કરી રહ્યા છે. જ્યારે બીજી તરફ 'જેની' નામનો ઈસમ વરલી મટકાના જુગારનું મુખ્ય નેટવર્ક ઓપરેટ કરે છે.

### કંટોડિયાવાસ લઠ્ઠાકાંડની યાદ તાજી: શું ફરી ગરીબોના ઘરના ચિરાગ બુઝાશે?

તમામ અમદાવાદીઓ અને ગૃહવિભાગ માટે આ લાલ બત્તી સમાન ચેતવણી છે. અગાઉ કાગડાપીઠ નજીકના કંટોડિયાવાસમાં ઝેરી કેમિકલયુક્ત દેશી દારૂ પીવાથી ભયાનક લઠ્ઠાકાંડ સર્જાયો હતો, જેમાં અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને અસંખ્ય પરિવારો અનાથ બન્યા હતા.

મળતી ચોંકાવનારી માહિતી મુજબ, અત્યારે પણ વધુ નફો કમાઈ લેવાની અંધારી ઘેલછામાં બુટલેગરો દારૂની તીવ્રતા વધારવા માટે તેમાં જીવલેણ કેમિકલ અને યુરિયા ભેળવી રહ્યા છે. આ ઝેરી દારૂ આખા શહેરમાં સપ્લાય થઈ રહ્યો છે. જો ફરી એકવાર કાગડાપીઠની આ ગલીઓમાં લઠ્ઠાકાંડ સર્જાશે અને લોકોના મોત થશે, તો એનો ગુનેગાર કોણ?

શું તેની જવાબદારી આંખ આડા કાન કરનાર પીઆઈ એસ. એ. ગોહિલ લેશે?

કે પછી કરોડોનો વહીવટ કરીને એશોઆરામ કરતા કથિત વહીવટદાર વિજયસિંહ લેશે?

### કંટ્રોલ રૂમની નોકરી, કાગડાપીઠમાં રોફ અને મહિને લાખોનો હપ્તો!

સૌથી વધુ આશ્ચર્યજનક અને ગંભીર બાબત એ છે કે, વિજયસિંહ નામના પોલીસ કર્મચારીનું સત્તાવાર પોસ્ટિંગ પોલીસ કંટ્રોલ રૂમમાં છે. કંટ્રોલ રૂમમાં ફરજ બજાવવાની જગ્યાએ વિજયસિંહ આખો દિવસ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ રખડતો અને બુટલેગરો સાથે બેઠકો કરતો જોવા મળે છે.

૧૦ વર્ષનો કાળો ઈતિહાસ: વિજયસિંહ છેલ્લા ૧૦ વર્ષથી અડીંગો જમાવીને બેઠો છે. પહેલાં નારોલ પોલીસ સ્ટેશન અને ત્યારબાદ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં અનઓફિશિયલ 'વહીવટદાર' તરીકે કામગીરી કરી રહ્યો છે.

કરોડોની કમાણી: દર મહિને દારૂ અને જુગારના અડ્ડાઓમાંથી લાખો રૂપિયાનો હપ્તો એકઠો કરીને તેણે કરોડો રૂપિયાની કાળી મિલકત ઊભી કરી લીધી છે.

ગોડફાધરની છત્રછાયા: સૂત્રોનું માનીએ તો, વિજયસિંહને એક અત્યંત વગદાર અને ભૂતકાળમાં અમદાવાદમાં 'ખ્યાતનામ વહીવટદાર' રહી ચૂકેલા પીઆસાઈ (PSI) નો પૂરો હાથ છે. આ પોલિટિકલ અને ખાખીના કનેક્શનના જોરે જ તે અત્યારે બેફામ બન્યો છે.

### પોલીસ કમિશનર અને હર્ષ સંઘવીને સીધો પડકાર?

રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા ગુનાખોરી સામે 'ઝીરો ટોલરન્સ' નીતિની જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ કાગડાપીઠનો વહીવટદાર વિજયસિંહ આ ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીશ્રીના આદેશોની ખુલ્લેઆમ ધજીયા ઉડાવી રહ્યો છે. વિજયસિંહના રક્ષણ અને ખોફના કારણે સ્થાનિક પોલીસ જ નહીં, પરંતુ પીસીબી (PCB), ક્રાઈમ બ્રાન્ચ, ડીસીપી સ્ક્વોડ કે સેક્ટર સ્ક્વોડ પણ કાગડાપીઠના આ અડ્ડાઓ પર દરોડા પાડતા અચકાય છે. પીઆઈ ગોહિલે પણ જાણે વિજયસિંહ સામે હથિયાર નાખી દીધા હોય કે પછી પોતાની સંમતિ આપી દીધી હોય તેમ સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

### પાક્કો ગુજરાત ન્યૂઝના આકરા સવાલો

1. સરકારી પગાર અને અબજોની મિલકત? કંટ્રોલ રૂમમાં સામાન્ય નોકરી કરતો એક કર્મચારી વિજયસિંહ આટલી મોભાદાર અને આલીશાન જિંદગી કેવી રીતે જીવે છે?
2. તપાસ કેમ નહીં? વિજયસિંહ અને તેના મળતિયાઓના બેંક એકાઉન્ટ્સ, બેનામી મિલકતો અને કાળી કમાણીની તપાસ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) કે ઇડી (ED) દ્વારા કેમ કરાવવામાં આવતી નથી?
3. ખાખી પરથી વિશ્વાસ ઉઠશે? શું ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોતાના જ તંત્રમાં ચાલતી આ હપ્તાખોરી અને કાળા કારોબાર સામે બુલડોઝર ચલાવશે, કે પછી કાગડાપીઠમાં વધુ એક લઠ્ઠાકાંડ થાય અને નિર્દોષોના બલિદાનવાય તેની વાટ જોવાશે?

**હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ બાદ ગૃહવિભાગ જાગશે કે પછી વિજયસિંહનો કાળો કારોબાર આમ જ ધમધમતો રહેશે!**

## CM ભૂપેન્દ્ર પટેલે લોન્ચ કરી "ગુજરાત શિપ બિલ્ડિંગ એન્ડ રીપેર પોલિસી-2026"

### IMSP પાર્ક અને સિંગલ વિન્ડો સિસ્ટમથી શિપિંગ સેક્ટરને મળશે નવી ઉડાન



ગાંધીનગર

દેશના સૌથી લાંબા દરિયાકિનારો ધરાવતા ગુજરાત રાજ્યને હવે ગ્લોબલ શિપ બિલ્ડિંગ અને રિપેરિંગ હબ બનાવવાની દાનત સાથે રાજ્ય સરકારે એક ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેશના સમગ્ર શિપ બિલ્ડિંગ સેક્ટરને નવી દિશા આપનારી મહત્વાકાંક્ષી "ગુજરાત શિપ બિલ્ડિંગ એન્ડ રીપેર પોલિસી-2026" નું ભવ્ય લોન્ચિંગ કર્યું છે.

આ નવી નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં આધુનિક મરીન સાધન-સામગ્રી ઉત્પાદન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D), સ્કિલ ડેવલપમેન્ટ તથા ગ્રીન અને સ્માર્ટ શિપયાર્ડ્સની ભવિષ્યલક્ષી ઈકો-સિસ્ટમનું નિર્માણ કરવાનો છે.


મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે આ નવી શિપ બિલ્ડિંગ પોલિસી કેન્દ્ર સરકારની 'શિપ બિલ્ડિંગ ફાઈનાન્સિયલ આસિસ્ટન્ટ સ્કિમ-2025' (SBFAS), 'મેરીટાઈમ વિઝન 2047' તેમજ વડાપ્રધાનના 'આત્મનિર્ભર ભારત'ના વ્યાપક લક્ષ્યાંક સાથે સંપૂર્ણપણે સુસંગત છે.

ઈન્ટિગ્રેટેડ મેગા શિપ બિલ્ડિંગ પાર્ક (IMSP): આ નવી નીતિનું સૌથી મોટું આકર્ષણ 'IMSP' ની સ્થાપના છે. આ પાર્કને વિશ્વસ્તરીય દરિયાઈ ઔદ્યોગિક ઈકોસિસ્ટમ તરીકે વિકસાવવામાં આવશે.

વિશ્વસ્તરીય સુવિધાઓ: આ મેગા પાર્કમાં આધુનિક માળખાકીય સુવિધાઓ, મરીન ઈક્વિપમેન્ટ ક્લસ્ટર્સ, અદ્યતન પરીક્ષણ સુવિધાઓ, લોજિસ્ટિક્સ સપોર્ટ, R&D કેન્દ્રો અને કૌશલ્ય વિકાસ સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવશે. રોકાણકારો અને ઉદ્યોગકારોને કોઈ પણ પ્રકારની કાગળિયા કે પ્રક્રિયાગત અડચણ વગર ઝડપી મંજૂરીઓ મળી રહે તે માટે સરકારે વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. ઝડપી મંજૂરીઓ: પોલિસી અન્વયે તમામ જરૂરી મંજૂરીઓ માટે 'સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ' અમલી બનાવવામાં આવશે.

### નડિયાદમાં 'શેઠની શિખામણ ઝાંપા સુધી'!

## એક તરફ સ્વચ્છતાનો ઉપદેશ, બીજી તરફ જાહેરમાં કચરાનો પહાડ







નડિયાદ

'નગર મારું, જવાબદારી મારી' જેવા મોટા-મોટા સૂત્રો અને સ્વચ્છતા અભિયાનના ફ્લેક્સ બેનરો વચ્ચે નડિયાદ શહેરમાંથી એક આંખ ઉઘાડનારો અને શરમજનક કિસ્સો સામે આવ્યો છે. નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ શહેરને રળિયામણું અને સ્વચ્છ બનાવવા માટે દિવસ-રાત એક કરી રહ્યા છે, પરંતુ સ્થાનિક નાગરિકોની બેદરકારીના કારણે તમામ પ્રયાસો પર પાણી ફરી વળતું દેખાઈ રહ્યું છે. નડિયાદના માઈ મંદિર ગરનાળા પાસે જાહેરમાં જ કચરો ફેંકીને ગંદકીનો સામ્રાજ્ય ઊભું કરતો એક શખ્સ કેમેરામાં અને સ્થાનિકોની નજરે રંગેહાથ ઝડપાઈ ગયો છે! આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે નડિયાદમાં અમુક નાગરિકો માટે સરકારી શિખામણ માત્ર 'ઝાંપા સુધી' જ સીમિત રહી ગઈ છે! એક તરફ નડિયાદ મહાનગરપાલિકા તંત્ર અને ધારાસભ્ય નગરને સુંદર બનાવવા માટે કરોડોના ખર્ચે અભિયાનો ચલાવે છે, તો બીજી તરફ આ જ નગરના કેટલાક જવાબદારી વગરના શખ્સો જાહેર માર્ગો અને પવિત્ર સ્થળો નજીક કચરો ફેંકીને સમગ્ર શહેરની સુંદરતા પર ડાઘ લગાડી રહ્યા છે. માઈ મંદિર જેવા ધાર્મિક સ્થળ નજીક ગંદકી: જે ગરનાળા પાસેથી રોજના હજારો શ્રદ્ધાળુઓ અને નાગરિકો પસાર થાય છે, ત્યાં જ શરમ મૂકીને કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. નિયમોની ધજાગરા: તંત્ર દ્વારા વારંવાર અપીલ કરવા છતાં કેટલાક લોકોની આવી માનસિકતાના કારણે આખું શહેર રોગચાળાના મુખમાં ધકેલાઈ રહ્યું છે.

અરે ઓ નડિયાદવાસીઓ! જાગો! શું શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર મહાનગર પાલિકાના સફાઈ કામદારો કે ધારાસભ્યની જ છે? આપણે પોતે ક્યારે જવાબદાર નાગરિક બનીશું?

## વડોદરાની ગોત્રી GMERS હોસ્પિટલમાં મોટું કૌભાંડ કે તંત્રની નીંભરતા? દર્દીને લઈ જતાં જ ટ્રેચર તૂટી પડ્યું: સત્તાધીશોના પાપે દર્દીઓ હેરાન-પરેશાન!

### આ ઘટનાએ વડોદરાની સરકારી આરોગ્ય સિસ્ટમની પોલ ખોલી નાખી છે, દર વખતે સરકારી કાગળો પર 'સબ સલામત' બતાવતું હોસ્પિટલ તંત્ર આ ઘટના બાદ પણ મૌન સેવીને બેસી રહ્યું છે

વડોદરા


સંસ્કારી નગરી વડોદરાની કહેવાતી હાઈટેક અને મસમોટી ગોત્રી GMERS મેડિકલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના વંટોળમાં ઘેરાઈ છે. ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે આશીર્વાદરૂપ ગણાતી આ સરકારી હોસ્પિટલ હવે તંત્રની ઘોર બેદરકારી અને આંતરિક ભ્રષ્ટાચારનું ધામ બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. હોસ્પિટલ તંત્રના પાપે દર્દીઓની સુરક્ષા સામે સણસણતા સવાલો ઊભા કરતી એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે, જેમાં દર્દીને લઈ જતી વખતે જ હોસ્પિટલનું ટ્રેચર અચાનક તૂટી પડ્યું હતું! સારવાર લેવા આવેલા લાચાર દર્દી અને તેના સ્વજનો પર જાણે આભ તૂટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. દર્દીઓ જીવના જોખમે સારવાર લેવા મજબૂર: ચાલુ વ્હીલે ટ્રેચર તૂટી ગયું! હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા માટે રાખવામાં આવેલા સાધનો કેટલા લકવાગ્રસ્ત અને ભંગાર હાલતમાં છે તેનો આ જીવંત પુરાવો છે. અચાનક ધડાકો અને ટ્રેચર જમીનદોસ્ત: દર્દીને એક વોર્ડમાંથી બીજા વોર્ડમાં લઈ જતી વખતે ચાલુ વ્હીલે જ ટ્રેચરનો પાયો તૂટી પડ્યો હતો. દર્દીને પડતા પર પાટુ: પહેલેથી જ દર્દથી પીડાતા દર્દીને ટ્રેચર તૂટવાના કારણે વધુ ઈજા થવાની ભીતિ સર્જાઈ હતી, જેનાથી પરિજનોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. મદદ માટે તરફડિયાં: હોસ્પિટલમાં સાધન-સામગ્રીની જાળવણી (મેઈન્ટેનન્સ) પાછળ લાખો રૂપિયાનો ધુમાડો થાય છે, છતાં દર્દીઓને ભંગાર ટ્રેચરો પર જ હોસ્પિટલના આંટાફેરા મારવા પડી રહ્યા છે. ગોત્રી GMERS ના સત્તાધીશો અને એડમિનિસ્ટ્રેશન સામે હવે વડોદરાવાસીઓ ખુલ્લેઆમ આક્રોશ ઠાલવી રહ્યા છે. લોકો સવાલો પૂછી રહ્યા છે કે: સરકાર તરફથી હોસ્પિટલના મેઈન્ટેનન્સ માટે આવતી કરોડોની ગ્રાન્ટમાંથી ભંગાર સાધનો બદલવામાં કેમ નથી આવતા?

જો ટ્રેચર તૂટવાના કારણે કોઈ દર્દીનો જીવ ગયો હોત, તો એની જવાબદારી હોસ્પિટલના કયા 'સુપરિન્ટેન્ડન્ટ' કે અધિકારીએ લીધી હોત?

### 3-3 મહિના છતાં સાધલી-વડોદરા રૂટની બસ શરૂ ન થઈ!

# ભરૂચના સાંસદ મનસુખ વસાવાની ભલામણ વડોદરા STના અધિકારીઓ ઘોળીને પી ગયા..!

## લોકપ્રતિનિધિ કેન્દ્ર સરકારના સાંસદ છે કે વહીવટી તંત્રના ગુલામ? વિદ્યાર્થીઓ અને મુસાફરો હેરાન-પરેશાન, એસ.ટી. વિભાગના સાહેબો પોતાની મરજીના માલિક!


MANSUKHBHAI DHANJIBHAI VASAVA
Member of Parliament (Lok Sabha)
Bharuch, Gujarat

32, Duplex Flats, North Avenue
New Delhi - 110 001
Phone : 011-23094674

તારીખ: ૩૦/૦૪/૨૦૨૬

પ્રતિશ્રી,
વિભાગીય નિયામક સાહેબશ્રી
ગુ.રા.મા.વા.વ્ય. નિગમ
રેસકોર્સ - વડોદરા.

વિષય:- વડોદરા- સાધલી- વડોદરા વાયા કપુરાઈ, રાજલી, મંડાળા, સાંધા, ભેખડા, અચીસરા, અવાખલ થઈને વિદ્યાર્થીઓ તથા મુસાફરો માટે બસ ચાલુ કરવા બાબત.

જય ભારત જણાવવાનું કે વડોદરા એસ.ટી વિભાગમાં આવેલ વાઘોડિયા ડેપો દ્વારા સવારે અને સાંજે આમ બે ટાઇમ વડોદરા- સાધલી- વડોદરા ની બસ ચાલતી હતી. પરંતુ હાલમાં આ રૂટ પર એક પણ બસ ચાલતી નથી. તેમ મને મારા મત વિસ્તારની મુલાકાત દરમિયાન આ ગામોના આગેવાનો તથા સરપંચો દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે. તેઓ એમ જણાવે છે કે અમારા રૂટના ગામોના વિદ્યાર્થીઓને સાધલી- ડભોઇ- વડોદરા અભ્યાસ કરવા માટે આવતા જતા હોય છે. તેમજ આ રૂટ ના ગામો સાથે સામાજિક સંબંધો પણ સચવાયેલા છે. તેમ છતાં પણ અમારા અંદરના ગામોને બસ સુવિધાથી વંચિત રાખેલ છે. જેના કારણે વિદ્યાર્થીઓ તથા મુસાફરોને અપડાઉન કરવામાં ખૂબ જ તકલીફ પડતી હોય છે.

વડોદરા- સાધલી- વડોદરા વાયા કપુરાઈ, રાજલી, મંડાળા, સાંધા, ભેખડા, અચીસરા, અવાખલ થઈને સાધલીની બસ વિદ્યાર્થીઓ તથા મુસાફરો માટે સ્કૂલના સમયે બે ટાઈમ બસ ચાલુ કરવામાં આવે એવી મારી અંગત ભલામણ પાઠવું છું

આભાર સહ,

આપનો વિશ્વાસુ
(મનસુખભાઈ ડી. વસાવા)
સંસદસભ્ય, ભરૂચ લોકસભા

Address : Rajendra Nagar Society, Jalaram Road, Rajpipla, Distt. Narmada, Gujarat-393 145, India
Mobile: 09427110866, E-mail: md.vasava@sansad.nic.in

વડોદરા/શિનોર

ગુજરાતમાં પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું વજન કેટલું અને સરકારી બાબુઓનો અહંકાર કેટલો–તેનો ઉત્તમ દાખલો વડોદરા એસ.ટી. વિભાગીય નિયામકની કચેરીમાં જોવા મળી રહ્યો છે. ભરૂચ લોકસભાના સાંસદ મનસુખભાઈ વસાવા દ્વારા વિદ્યાર્થીઓ અને ગ્રામજનોના હિતમાં વડોદરા એસ.ટી. તંત્રને કરાયેલી લેખિત ભલામણને ૩-૩ મહિના વીતી ગયા હોવા છતાં એસ.ટી. ના અધિકારીઓએ કચરાના ડબ્બામાં ફેંકી દીધી હોય તેમ લાગી રહ્યું છે! સાંસદની ભલામણને ઘોળીને પી જનારા આ કુંભકર્ણી નિંદ્રામાં પોઢેલા એસ.ટી.ના અધિકારીઓના પાપે આજે સાધલી અને આસપાસના ડઝનબંધ ગામોના વિદ્યાર્થીઓ તથા મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા જ્યારે શિનોર તાલુકાના પ્રવાસે હતા, ત્યારે સ્થાનિક સરપંચો અને આગેવાનોએ તેમને મળીને એક ભારે વ્યાજબી રજૂઆત કરી હતી: અભ્યાસ અને સામાજિક સંબંધો: વડોદરા થી સાધલી વાયા કપુરાઈ, રાજલી, મંડાળા, સાંધા, ભેખડા, અચીસરા અને અવાખલ થઈને જતી બસ બે ટાઈમ શરૂ કરવી અત્યંત જરૂરી છે. વિદ્યાર્થીઓની રઝળપાટ: આ અંદરના ગામોના સેંકડો વિદ્યાર્થીઓ સાધલી, ડભોઈ અને વડોદરા ખાતે ઉચ્ચ અભ્યાસ માટે દરરોજ આવે છે. બસ ન હોવાને કારણે તેમને ખાનગી વાહનોના જોખમી ફેરા કરવા પડે છે અથવા શિક્ષણ છોડવું પડે છે.

પ્રજાની ન્યાયી માગણીને ધ્યાને રાખીને સાંસદ મનસુખભાઈ વસાવાએ તારીખ ૩૦ એપ્રિલના રોજ વિભાગીય નિયામક, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (રેસકોર્સ, વડોદરા) ને વિનંતીપત્ર પાઠવ્યો હતો.

પોતે કેન્દ્ર સરકારના વરિષ્ઠ પ્રતિનિધિ હોવા છતાં તેમણે એસ.ટી.ના અધિકારીઓને માન-સન્માન આપીને રજૂઆત કરી હતી. પરંતુ એસ.ટી. વિભાગના અધિકારીઓએ આ રજૂઆતને રદ્દી કાગળ સમજીને બાજુ પર મૂકી દીધી. ૩ મહિના પછી પણ સાધલી-વડોદરા રૂટ પર બસના કોઈ એંધાણ નથી!

'પાક્કો ગુજરાત'ના સીધા અને કડક સવાલો: 1. શું ગુજરાતમાં ચૂંટાયેલા સાંસદો અને વિધાયકોનું અધિકારીઓ સામે કશું જ નથી ઉપજતું? શું હવે પ્રજાના પ્રતિનિધિઓએ અધિકારીઓની 'ગુલામી' કરવી પડશે?

2. પ્રજાની સુવિધા માટે ચાલતા એસ.ટી. નિગમના અધિકારીઓ કોના ઈશારે આ રૂટ શરૂ નથી કરી રહ્યા? શું ખાનગી વાહન ચાલકો અને રીક્ષાચાલકોને કમાવી આપવા માટે એસ.ટી. બસ બંધ રખાઈ રહી છે?

3. જે અધિકારીઓ સાંસદના પત્રની કિંમત નથી સમજતા, તે સામાન્ય જનતાની ફરિયાદો પર કેવા પગલાં ભરતા હશે તે કલ્પનાનો વિષય છે!

## છોટાઉદેપુરના કવાંટ તાલુકામાં કૅન્ટર્નરમાં બનવેલી પ્રથમિક શાળનું લોકાર્પણ કરવામાં આવ્યું



છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ગુજરાત રાજ્ય ના શિક્ષણ મંત્રી રેવાબા જાડેજા એ કર્યું લોકાર્પણ જેમાં ધરાસભ્ય તેમજ જિલ્લા ના અધિકારીઓ હાજર રહ્યા કવાંટ તાલુકાના હાફેશ્વર ના અંબાડૂનગર ના મણૂંકલા ફાડિયા માં પહોંચવા માટે મુખ્ય રસ્તા થી આ ફળિયું 5 કિલોમીટર કાચા રસ્તા પર જવામાટે મામલતદાર ની ગાડી નો ઉપયોગ કરવા માં આવ્યો

જયારે મંત્રી ની ગાડી કાચા રસ્તા ઉપર જઈ શકે તેમ ન હોવા થી તંત્ર અને મંત્રી ને પણ આદિવાસી સમાજ ના લોકો મુશ્કેલી ઓ ભોગવે છે તે મુશ્કેલી આજે અધિકારી ઓ અને શિક્ષણ મંત્રી ને ખુદ અનુભવ થયો વર્ષો થી કાચા ઝૂપડા માં પ્રાથમિક શાળા ઓ ચાલતી હતી ઝૂપડા માં બાળકો ને બેસવા માં મુશ્કેલી પડતી હતી તે જગ્યા નું પણ નિરીક્ષણ કરવા માં આવ્યું મંત્રી એ છોટાઉદેપુર જિલ્લા માં કુદરતી સૌંદર્ય ભરપૂર છે પરંતુ રસ્તા ની સુવિધા નથી તેનો અનુભવ મંત્રી ને થયો.

# દાંતા તાલુકામાં બાલ શક્તિ, માતૃ શક્તિ, પૂર્ણ શક્તિમાં ભ્રષ્ટાચાર!

### કાગળ પર 100% વિતરણ, વાસ્તવમાં બાળકો અને માતાઓ ભૂખ્યા - ઓટીપી લઈને કૌભાંડ

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના દાંતા, હડાદ તાલુકામાં સરકારની બાલ શક્તિ, માતૃ શક્તિ અને પૂર્ણ શક્તિ ફોર્ટિફાઇડ આટા યોજનાના જથ્થામાં ગંભીર કૌભાંડનો પર્દાફાશ થયો છે.



સ્થાનિકો દ્વારા મળેલા 'સત્વ ફોર્ટિફાઇડ આટા' અને *'બાળશક્તિ'*ના કટ્ટાના ફોટા આ કૌભાંડની પોલ ખોલી રહ્યા છે. આખા વર્ષનો જથ્થો ક્યાં ગાયબ થયો? તે અંગે અનેક સવાલો ઉભા થયા છે. કૌભાંડ કરવાની મોડસ ઓપરેન્ડી: 1. ખોટું 100% પ્રમાણપત્ર: આઈસીડી વિભાગ દ્વારા જમીન પર તપાસ કર્યા વગર જ '100% વિતરણ થયું' નું પ્રમાણપત્ર આપી દેવામાં આવે છે. 2. ઓટીપીનું કૌભાંડ: આંગણવાડી કાર્યકર્તાઓને પૈસાની લાલચ આપીને તેમના મોબાઈલમાંથી ઓટીપી લઈ લેવામાં આવે છે. આ રીતે સિસ્ટમમાં 'પૂરો જથ્થો ઉતરી ગયો' એવું બતાવી દેવાય છે. 3. ઉપર સુધી 'મલાઈ': લાગતા-વળતા અધિકારીઓ પાસે ટાઈમ સર મલાઈનું બોક્સ પહોંચાડી દેવામાં આવે છે. એટલે કોઈ તપાસ કરતું નથી. 4. બાળકો-માતાઓનો હક માર્યો: બાલ શક્તિ, માતૃ શક્તિ અને પૂર્ણ શક્તિ યોજનાનો જથ્થો બાળકો અને સગર્ભા-ધાત્રી માતાઓ સુધી પહોંચતો નથી. તેમના મોઢામાંથી પોષણનો કોળિયો છીનવાઈ રહ્યો છે. સંપત્તિમાં અચાનક વધારો: આંગણવાડીના નાસ્તાના કોન્ટ્રાક્ટરો પાસે આજે મોંઘી મોંઘી ગાડીઓ અને કરોડ રૂપિયાની પ્રોપર્ટી છે. આટલી સંપત્તિ ક્યાંથી આવી? તેની ખાતાકીય તપાસ થવી જોઈએ.

ટ્રાઈબલ વિસ્તારનો લાભ: દાંતા તાલુકો ટ્રાઈબલ એરિયા છે. અહીંની ભોળી અને અભણ પ્રજાનો લાભ ઉઠાવીને કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ મળીને આ મોટું કૌભાંડ ચલાવી રહ્યા છે તેવો ગંભીર આક્ષેપ છે.

## વહીયાલ ગામ માટે સ્મશાનની જમીન મંજૂર થતાં ગ્રામજનોમાં હરખની હેલી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના વહીયાલ ગામ ખાતે સ્મશાન ભૂમિ માટેની જમીનની ફાળવણી જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા મંજૂર કરવામાં આવતાં સમગ્ર ગામમાં આનંદ અને સંતોષની લાગણી વ્યાપી ગઈ છે. ગ્રામજનોની અતિ સંવેદનશીલ માંગણી ઉકેલાતાં વહીયાલના અગ્રણી શ્રી હસમુખભાઈ સોલંકીએ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. આ અંગે પોતાના પ્રતિભાવ આપતાં શ્રી હસમુખભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, વહીયાલ ગામમાં યોગ્ય સ્મશાન ભૂમિના અભાવે ગ્રામજનોને અંતિમ સંસ્કારની વિધિ માટે ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ બાબતે રાજ્ય સરકાર અને સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ અરજી કરવામાં આવી હતી. પ્રજાકીય પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ અભિગમ ધરાવતી રાજ્ય સરકારે આ બાબતને પ્રાધાન્ય આપી તાત્કાલિક ધોરણે સ્મશાન માટેની જમીનની ફાળવણી મંજૂર કરી છે. સોલંકીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારના પ્રજાભિમુખ નિર્ણય અને જિલ્લા કલેક્ટરશ્રી સહિતના વહીવટી તંત્રના સકારાત્મક અને ઝડપી સંકલનને કારણે જ આ જટિલ પ્રશ્નનો સુખદ અંત આવ્યો છે.

### છોટાઉદેપુર નગર પાલિકા પ્રમુખના

# બોગસ જાતિના દાખલા મુદ્દે જિલ્લા કલેક્ટર દ્વારા પાલિકા પ્રમુખને પદ પરથી હટાવવા આદેશ કરાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર પંથકમાં છેલ્લા બે માસ થી ભારે ચર્ચિત બનેલા છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખના બોગસ જાતિના દાખલા મુદ્દે ભારે કશ્મકશ ચાલી રહી હતી. વિશ્લેષણ સમિતિ દ્વારા પાલિકા પ્રમુખનો જાતિ નો દાખલો રદ થયા છતાં તારીખો પર તારીખો આપી બચાવવાનો ખેલ પૂરો થયો હતો. છોટાઉદેપુર નગર પાલિકાના પ્રમુખના અનુસૂચિત જનજાતિના ખોટા જાતિના દાખલા વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે આકરું વલણ અપનાવતા જિલ્લા કલેક્ટર સફાળા જાગ્યા હતા. અને આજ રોજ પાલિકા પ્રમુખ નો દાખલો રદ કરી તેમને સભ્યપદે થી દૂર કરવામાં આવ્યા હતા. છોટાઉદેપુર નગર પાલિકા પ્રમુખ મંજુલાબેન કિશનભાઈ કોલી એસટી અનામત બેઠક પરથી ચૂંટણી લડી હતી અને બાદમાં પ્રમુખ બન્યા હતા.પરંતુ ગત ૨૨ મે ૨૦૨૬ ના રોજ વિશ્લેષણ સમિતિ એ તેમનો જાતિનો દાખલો રદ કર્યો હતો.



આ દાખલો રદ થવા છતાં સ્થાનિક તંત્ર અને કલેક્ટર દ્વારા શાસક પક્ષના નેતાને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની ચર્ચાઓ એ જોર પકડ્યું હતું પ્રમુખનું જાતિ પ્રમાણપત્ર રદ કરવાના સત્તાવાર હુકમને એક મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં તેઓ પાલિકા પ્રમુખની ખુરશી પર બિરાજમાન રહ્યા હતા. પરંતુ અરજદાર નાયકા વિજયભાઈ નાનિયાભાઈ દ્વારા હાઈકોર્ટમાં કરાયેલી સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનમાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે જ્યારે કમિટી દાખલો રદ કરે ત્યારે ચૂંટણી પૂર્વલક્ષી અસરથી રદબાતલ ગણાય છે. તેઓ હોદા પર ચાલુ રહી શકે નહીં. હાઈકોર્ટના આ કડક આદેશ અને ફટકાર બાદ સ્થાનિક તંત્ર સફાળું જાગ્યું છે.

આજરોજ કલેક્ટરે આખરી નિર્ણય જાહેર કરી પાલિકા પ્રમુખ ને પદ ઉપરથી હટાવાતા નગરમાં ચકચાર મચી જવા પામી હતી. કલેક્ટર શ્રી ના હુકમ નું વાંચન કરતા જણાઈ આવે છે કે વિશ્લેષણ સમિતિ નો સ્પષ્ટ નિર્ણય હતો.

### કદવાલ જૂથ ગ્રામ પંચાયતમાંથી અલગ થઇ નવી 'ઝરી જૂથ ગ્રામ પંચાયત' બનાવવાની સ્થાનિક ગ્રામજનોની ઉગ્ર માંગ

# કદવાલ જૂથ પંચાયતના વહીવટથી ત્રસ્ત 3 ગામોના 3500થી વધુ નાગરિકોનો બુલંદ અવાજ!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

સ્થાનિક સ્તરે સરકારી તંત્ર અને પંચાયતી રાજના વહીવટની ખામીઓના કારણે પ્રજા કેવી હાલાકી ભોગવે છે તેનો જીવતો જાગતો કિસ્સો કદવાલ જૂથ ગ્રામ પંચાયતમાં જોવા મળી રહ્યો છે. વહીવટી સુવિધાના સદંતર અભાવ અને સ્થાનિક વિકાસથી વંચિત એવા ઝરી, ભાભર (વડલી) અને કાલીકોઈ ગામના લોકોએ હવે અન્યાય સામે રણશિંગું ફૂંક્યું છે. આ ત્રણેય ગામોને કદવાલ જૂથ ગ્રામ પંચાયતમાંથી સત્તવરે છૂટા પાડી, નવી ઝરી જૂથ ગ્રામ પંચાયતની રચના કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી ને પુરાવા સાથેનું આક્રમક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

સરકારી આંકડાઓ મુજબ ઝરી ગામની વસ્તી ૨૨૪૮, ભાભરની ૯૧૭ અને કાલિકોઈની વસ્તી ૩૮૪ મળીને કુલ ૩,૫૪૯થી વધુની વસ્તી થાય છે. સરકારી નિયમો અનુસાર આ વસ્તી સ્વતંત્ર જૂથ પંચાયત બનાવવા માટે સંપૂર્ણપણે લાયક અને સક્ષમ છે. આમ છતાં, આ ત્રણેય ગામોને કદવાલ પંચાયત હેઠળ જકડી રાખવામાં આવ્યા છે. મુખ્ય મથક કદવાલ અહીંથી ૩ થી ૪ કિલોમીટર દૂર આવેલું હોવાથી સામાન્ય ગરીબ આદિવાસી અને મધ્યમવર્ગીય પરિવારોને નાનામાં નાના સરકારી દાખલા, આવકના પ્રમાણપત્રો કે વિધવા સહાય અને આવાસ યોજનાના ફોર્મ ભરવા માટે આખો દિવસ બગાડીને કદવાલના ધક્કા ખાવા પડે છે.

સ્થાનિક ગ્રામજનો અને અગ્રણીઓએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, કદવાલ જૂથ પંચાયતમાં સમાવિષ્ટ હોવાના કારણે નાણાપંચ અને સરકાર તરફથી મળતી ગ્રામીણ વિકાસની લાખો રૂપિયાની ગ્રાન્ટોનો મોટો હિસ્સો મુખ્ય ગામમાં જ વપરાઈ જાય છે. જ્યારે ઝરી, ભાભર અને કાલિકોઈ જેવા પરાં સમાન ગામોમાં રોડ-રસ્તા, પીવાનું શુદ્ધ પાણી, સ્ટ્રીટ લાઈટ અને ગટર જેવી પ્રાથમિક સુવિધાઓનો આજે પણ સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. આ ભૌગોલિક અન્યાય હવે ગ્રામજનો સહન કરવાના મૂડમાં નથી.

### છોટાઉદેપુરમાં ગૌભક્તોનો હુંકાર

# ગૌમાતાને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવાની માંગ સાથે કલેક્ટરને સ્મરણ પત્ર અપાયું

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

સમગ્ર ભારતમાં ગૌમાતાને પવિત્ર અને પૂજનીય સ્થાન આપવા તેમજ તેમને 'રાષ્ટ્રમાતા' તરીકે સર્વોચ્ચ સન્માન આપવાની માંગ સાથે દેશભરમાં આંદોલનો અને ઝુંબેશ ચાલી રહી છે. જેના ભાગરૂપે આજરોજ છોટાઉદેપુર નગરમાં 'ગૌસન્માન આવાહન અભિયાન' અંતર્ગત વિશાળ સંખ્યામાં ગૌભક્તો ઉમટી પડ્યા હતા. ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાની અને દેશમાં ગૌહત્યા સંપૂર્ણપણે બંધ કરવાની મજબૂત માંગ સાથે ગૌભક્તો દ્વારા જિલ્લા કલેક્ટરને એક સ્મરણ પત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આયોજનની શરૂઆત છોટાઉદેપુર નગરના શ્રી રણછોડરાય મંદિર થી કરવામાં આવી હતી. મંદિરમાં સર્વપ્રથમ ગૌમાતાની શાસ્ત્રોક્ત વિધિથી પૂજા અને આરતી કરવામાં આવી હતી.



ત્યારબાદ ઢોલ-નગારાના નાદ અને પ્રભુ શ્રી રામના નામની રામધુન સાથે એક ભવ્ય રેલી સ્વરૂપે ગૌભક્તો આગળ વધ્યા હતા. આ રેલી નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને જિલ્લા સેવા સદન ખાતે પહોંચી હતી, જ્યાં વાતાવરણ ગૌમાતાના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. આ અભિયાન અંતર્ગત દેશભરમાંથી અભૂતપૂર્વ જનસમર્થન સાંપડ્યું છે. શ્રી કામનાથ ગૌશાળા સમિતિ સહિત નગરના વિવિધ સામાજિક, ધાર્મિક સંગઠનો અને અગ્રણીઓએ એકત્રિત થઈને અધિક જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આ આવેદનપત્રની સાથે સમગ્ર ભારતમાંથી અંદાજિત 15 કરોડ જેટલા અને છોટાઉદેપુર પંથક માં 2 .80 લાખ થી વધુ ગૌભક્તોએ કરેલી ડિજિટલ સહીઓનો ડેટા (પેન ડ્રાઈવ) પણ સત્તાધીશોને સોંપવામાં આવ્યો હતો.

## ડભોઇના સિતપુરમાં સિદ્ધનાથ મહાદેવ મંદિરે જીર્ણોદ્ધાર બાદ ભક્તોનું મહેરામણ ઉમટ્યું

ડભોઇ

ડભોઈ તાલુકાના ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતા સિતપુર ગામ ખાતે આવેલું વર્ષો પુરાણું શ્રી સિદ્ધનાથ મહાદેવ મંદિર હાલમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મંદિરનું તાજેતરમાં જ ભવ્ય રિનોવેશન (જીર્ણોદ્ધાર) કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આજે સુશોભિત અને નવનિર્મિત મંદિરના દ્વાર ભક્તો માટે ખુલ્લા મુકાતાં જ વહેલી સવારથી જ દર્શનાર્થે શ્રદ્ધાળુઓની ભારે જનમેદની ઉમટી પડી હતી. એક તરફ મંદિરમાં ધાર્મિક ઉત્સાહનો માહોલ છે, તો બીજી તરફ રસ્તાઓ પર ભરાયેલા વરસાદી પાણીએ સ્થાનિકોની મુશ્કેલી વધારી દીધી છે.હાલમાં પડી રહેલા સાર્વત્રિક વરસાદના કારણે મંદિર પરિસર અને આસપાસના પહોંચ માર્ગો પર પાણી ભરાઈ ગયા છે. વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા (ડ્રેનેજ સિસ્ટમ) ન હોવાના કારણે રસ્તાઓ જળમગ્ન બન્યા છે.



સૌથી કફોડી સ્થિતિ પવિત્ર ગૌરી વ્રતના પહેલા દિવસે પૂજન માટે નીકળેલી નાની કન્યાઓની થઈ હતી. મંદિરે પહોંચવા માટે ગામજનોએ ભેગા મળીને રસ્તો સાફ કર્યો હતો, પરંતુ પાણી વધારે હોવાથી ચાલીને જવું અશક્ય બન્યું હતું. આખરે વાલીઓએ અને ગ્રામજનોએ બાળાઓને ટ્રેક્ટરમાં બેસાડીને પાણીમાંથી સુરક્ષિત રીતે મંદિરે પહોંચાડવી પડી હતી. ગામમાં આટલો મોટો ધાર્મિક પ્રસંગ હોવા છતાં રસ્તાઓ પર પાણી ભરાઈ રહેવાની અને નિકાલની કોઈ સુવિધા ન હોવાથી સમગ્ર સિતપુર ગામના લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

### સાયબર ફ્રોડના પીડિતો માટે મોટો આશરો

# હવે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી! : ગાંધીનગરથી 'e-Zero FIR' સેવાનો પ્રારંભ

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ લોન્ચ કરી ક્રાંતિકારી પહેલ: પ્રથમ કેસમાં જ સાયબર ક્રાઈમે ડિજિટલ અરેસ્ટનો ભોગ બનેલા અમદાવાદના નાગરિકના 15.76 લાખ બચાવ્યા!

ગાંધીનગર

આજના ડિજિટલ યુગમાં વધતા જતા સાયબર ક્રાઈમ અને ઓનલાઈન છેતરપિંડીના બનાવો સામે રાજ્ય સરકારે નાગરિકોની સુવિધા માટે એક ક્રાંતિકારી અને મોટો નિર્ણય લીધો છે. ગાંધીનગર ખાતેથી 'સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવાનો શુભારંભ કરાવવામાં આવ્યો છે. હવે સાયબર ફ્રોડનો ભોગ બનેલા નાગરિકોએ ફરિયાદ નોંધાવવા માટે કે પોતાના નાણાં બ્લોક કરાવવા માટે પોલીસ સ્ટેશનોના ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. આ નવી ટેક્નોલોજીકલ વ્યવસ્થાથી સાયબર ગુનાઓ સામે પોલીસની કાર્યવાહી



અત્યંત ઝડપી અને પારદર્શક બનશે, જેનાથી પીડિતોના ચોરાયેલા કે છેતરાયેલા નાણાં પરત મેળવવાની ક્ષમતામાં મોટો વધારો થશે. નવી 'e-Zero FIR' પ્રણાલી અંતર્ગત પ્રક્રિયા અત્યંત સરળ અને ઝડપી બનાવવામાં આવી છે: સ્વચાલિત e-Zero FIR: જો કોઈ નાગરિક સાથે નાણાકીય સાયબર ફ્રોડ થાય, તો તેમણે તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન નંબર પર કોલ કરીને ફરિયાદ નોંધાવવાની રહેશે. કોલ પર માહિતી નોંધાતા જ સિસ્ટમ દ્વારા સંબંધિત કેસની 'e-Zero FIR' આપોઆપ તૈયાર થઈ જશે અને તે તુરંત જ જે-તે સ્થાનિક પોલીસ સ્ટેશનને ઓનલાઈન મોકલી આપવામાં આવશે.

### ડભોઈ શહેર અને તાલુકામાં ગૌરીવ્રતનો પ્રારંભ

## કુંવારિકાઓએ મનગમતા વરની કામના સાથે ગોરમાની પૂજા અર્ચના કરી

ડભોઇ

પોતાના મનગમતા જીવનસાથીને પામવા માટે ભારત વર્ષમાં ગૌરીવ્રતનો મહિમા પ્રખ્યાત છે. શાસ્ત્રોમાં પણ ઉલ્લેખ છે કે આ વ્રતના આધારે દૈત્ય કન્યાએ દેવ પુત્ર અનિરુદ્ધને પોતાના મનના માણીગર તરીકે મેળવ્યા હતા, ત્યારથી આ ગૌરીવ્રતની પરંપરા ચાલી આવે છે. અષાઢી બીજના દિવસે ગોરમાનું વાવેતર કર્યા બાદ અષાઢ સુદ તેરસથી પાંચ દિવસ સુધી આ પવિત્ર વ્રતની ઉજવણી કરવામાં આવે છે. આજે ડભોઈ નગર તેમજ સમગ્ર તાલુકામાં આ તહેવારનો રંગેચંગે પ્રારંભ થયો છે. સમગ્ર ભારત વર્ષની સાથે ડભોઈની કુંવારિકાઓ પણ સતત પાંચ દિવસ સુધી અલૂણું (મીઠા વગરનું) ભોજન ગ્રહણ કરીને ગોરમાતાની ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી રહી છે. શાસ્ત્રોમાં તમામ વ્રતોમાં નારીનું સ્થાન વિશેષ



દર્શાવવામાં આવ્યું છે. આ વ્રત દરમિયાન નાની-નાની બાલિકાઓ સુંદર રંગબેરંગી થેલીઓમાં સૂકોમેવો જેમ કે કાજુ, દ્રાક્ષ, બદામ, અખરોટ અને આલુ ભરીને નગરના મુખ્ય માર્ગો પર ફરતી અને ઉત્સવ મનાવતી જોવા મળે છે. કુંવારિકાઓ મનગમતો જીવનસાથી મેળવવા માટે જયા પાર્વતી અને ગૌરીવ્રતની પૂજા પૂર્ણ શ્રદ્ધા સાથે કરે છે. ગૌરીવ્રત દરમિયાન કુંવારિકાઓ અને બાલિકાઓ નિર્ભયપણે ઉત્સવ ઉજવી શકે તે માટે ડભોઈ પીઆઈ એ. ટી. પટેલ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

## તંત્રી લેખ...

### જડ વ્યવસ્થાના પાયા હલાવતો સત્યનો સિંહનાદ: અગ્નિપથ પર ચાલનારા જ ઈતિહાસ રચે છે!

ઈતિહાસના પાના પલટાવીને જોશો તો એક વાત સોનેરી અક્ષરે લખાયેલી મળશે–સત્યનો માર્ગ ક્યારેય ગુલાબની પંખુડીઓથી પથરાયેલો નથી હોતો. એ માર્ગ કાંટાળો છે, એકલતાથી ભરેલો છે અને ચારેય તરફથી થતા પ્રહારોથી ઘેરાયેલો હોય છે. પરંતુ એ જ કાંટાળા માર્ગે અડીખમ ઊભા રહીને જે ચાલવાની હિંમત દાખવે છે, આખરે એ જ યુગ પુરુષ બને છે અને ઈતિહાસના પ્રવાહને બદલવાની તાકાત રાખે છે.


આજે જ્યારે ચોમેર સ્વાર્થ, તકસાધુતા અને ખોટા સેટિંગોનો બોલબાલા છે, ત્યારે સત્યના માર્ગે ચાલવું એ કોઈ સાધારણ વાત નથી, પણ એક મહાયજ્ઞ છે.

### વિરોધ જ સાબિતી છે કે તમે સાચા માર્ગે છો!

જ્યારે તમે સમાજના કે રાજકારણના જૂના, ભ્રષ્ટ અને જડ માળખા સામે અવાજ ઉઠાવો છો, ત્યારે સૌથી પહેલો પ્રહાર તમારી પર જ થાય છે. પરંપરાગત વ્યવસ્થાના રક્ષકો, હપ્તાખોરો અને સત્તાના નશામાં ચૂર લોકો તમને રોકવા માટે સામ, દામ, દંડ અને ભેદ–તમામ નીતિઓ અપનાવશે.

જડ વ્યવસ્થામાં ધ્રુજારી: જો તમારા વિચારો, તમારા કાર્યો કે તમારા અવાજથી પ્રસ્થાપિત જડ વ્યવસ્થામાં કંપન થતું હોય, જો શાસકો અને શોષકોના પેટમાં તેલ રેડાતું હોય, તો સમજી લેવું કે તમારો વિરોધ એ જ તમારી સૌથી મોટી સફળતા છે!

વિરોધ એ જ પ્રગતિનું એન્જિન: કાયર અને બેકફૂટ પર



જીવનારાઓનો કોઈ વિરોધ નથી કરતું. વિરોધ હંમેશા એ જ વ્યક્તિ કે વિચારનો થાય છે જે જૂના કચરાને સાફ કરીને નવું પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે.

### ડર, દબાણ અને ષડયંત્ર: અસત્યના ક્ષણિક શસ્ત્રો

સત્યની લડાઈમાં અસત્ય પાસે માત્ર થોડા સમય માટે ભય ફેલાવવાની અને ષડયંત્રો રચવાની શક્તિ હોય છે.

જૂઠાણાં અને અફવાઓ ફેલાવીને કદાચ થોડા સમય માટે જનતાને ગુમરાહ કરી શકાય.

સત્તા કે સંપત્તિના જોરે કદાચ સત્યનો અવાજ દબાવવાનો કાયરતાપૂર્ણ પ્રયાસ કરી શકાય.

પરંતુ અંધકાર ગમે તેટલો ઘાટો હોય, સૂર્યના એક જ કિરણ સામે તેનું અસ્તિત્વ ઓગળી જાય છે. તેવી જ રીતે, સત્યનો એક જ પક્ષ આખા અસત્યના કિલ્લાને જમીનદોસ્ત કરવા માટે કાફી હોય છે. જે લોકો કાયદા, વ્યવસ્થા કે નૈતિકતાને નેવે મૂકીને રોફ ઝાડે છે, તેમનો અહંકાર સમયના ચક્રમાં હંમેશા ચૂર-ચૂર થયો છે.

### આખરે તો "સત્યમેવ જયતે" — જય હંમેશા સત્યનો જ થાય છે!

ભારતીય સંસ્કૃતિ અને આપણા બંધારણનો આત્મા એક જ મહાવાક્યમાં સમાયેલો છે: "સત્યમેવ જયતે".

સત્ય ચોક્કસપણે હેરાન થઈ શકે છે, પરેશાન થઈ શકે છે, પરંતુ ક્યારેય પરાજિત થઈ શકતું નથી. કસોટીની ક્ષણોમાં જે પોતાની નિષ્ઠા અને સત્યનો માર્ગ નથી છોડતા, તે જ લોકનાયક બને છે. ઈતિહાસ સાક્ષી છે કે ઝુલમી શાસકો, ભ્રષ્ટ સંસ્થાઓ અને અસામાજિક તત્વોનો અંત નિશ્ચિત હોય છે, જ્યારે સત્યના પક્ષે ઊભા રહેનારાઓ યુગો સુધી અમર થઈ જાય છે.

### 'પાક્કો ગુજરાત' નો સંકલ્પ: અસત્ય સામે ઝૂકશું નહીં, સત્યનો અવાજ રોકશું નહીં!

આજે 'પાક્કો ગુજરાત' વચન આપે છે કે ગમે તેટલા દબાણો આવે, ગમે તેટલો વિરોધ થાય કે ગમે તેવી ભ્રષ્ટ વ્યવસ્થા સામે ટકરાવવું પડે–અમે સત્યનો માર્ગ ક્યારેય નહીં છોડીએ. નાગરિકોના હક, લોકશાહીના મૂલ્યો અને સચ્ચાઈની લડાઈમાં 'પાક્કો ગુજરાત' હંમેશા કલમની ધારથી શાસકોને ઢંઢોળતું રહેશે.

જે લોકો પરિવર્તનની મશાલ લઈને નીકળ્યા છે તેમને ક્ષણિક વિરોધથી ડરવાની જરૂર નથી. ચાલો, સત્યના માર્ગે અડીખમ ચાલીએ, કારણ કે આખરે તો વિજય સત્યનો જ થવાનો છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

---

## શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય - ૯, (રાજવિદ્યા રાજગુહ્ય યોગ)

# અનન્ય શરણાગતિ: ભૂતકાળના બોજમાંથી મુક્તિ અને ઈશ્વરીય કવચ

ભગવાનને પામવા માટે પાત્રતાની નહીં, પણ માત્ર શુદ્ધ ભાવની જરૂર છે. દુનિયા કદાચ તમારા ખિસ્સાની વિગત જોશે, પણ ઈશ્વર હંમેશા તમારા હૃદયની શુદ્ધતા જોશે.

ગીતાના ગયા અધ્યાય (અધ્યાય ૮) માં આપણે જોયું કે જીવનની 'અંતિમ ઓવર' માં બેકગ્રાઉન્ડ એપની જેમ ઈશ્વરના સ્મરણથી મનને કેવી રીતે સ્થિર રાખવું. પણ અર્જુનના મનમાં હજુ એક સવાલ છે કૃષ્ણ, એવો કયો રાજમાર્ગ છે જેના પર ચાલવાથી આ સંસારમાં જીવવા છતાં પણ તારી પરમ શાંતિનો અનુભવ થાય?

અર્જુન કપટ વગરનો, એકદમ પ્યોર અને જિજ્ઞાસુ છે, એટલે કૃષ્ણ આ ૯ મા અધ્યાયમાં બ્રહ્માંડનું સૌથી મોટું સિક્રેટ ખોલે છે. આ અધ્યાયનું નામ છે રાજવિદ્યા રાજગુહ્ય યોગ'એટલે કે વિદ્યાઓનો રાજા અને રહસ્યોનું મહા-રહસ્ય!

રાજવિદ્યા: પરમાત્માનો 'Open-Source' કોડ

આજના જમાનામાં કોઈ મોટી કંપની કે સાયન્ટિસ્ટ પોતાની ફોર્મ્યુલા કે સિક્રેટ કોડ કોઈને આપતા નથી. પણ કૃષ્ણ અહીં આખા બ્રહ્માંડને ચલાવતો સિક્રેટ કોડ અર્જુનને (અને આપણને) ખુલ્લેઆમ આપી રહ્યા છે.

કૃષ્ણ કહે છે કે આ જ્ઞાન સર્વોચ્ચ પવિત્ર છે અને આનો અનુભવ તમે પ્રત્યક્ષ કરી શકો છો. આ કોઈ થીયરી નથી, પણ પ્રેક્ટિકલ લાઈફ સાયન્સ છે.

જેમ આજના સમયમાં Cloud Computing (જેમ કે Google Cloud કે iCloud) માં કરોડો યુઝર્સનો ડેટા સચવાયેલો રહે છે. એ ડેટા ક્યાંક હવામાં કે સ્પેસમાં સેવ્ડ છે, પણ ક્લાઉડ પોતે એ ડેટાથી લેપાઈ જતું નથી કે ડેટા ક્લાઉડ પર બોજો બનતો નથી.

બરાબર એવી જ રીતે, કૃષ્ણ કહે છે

આ આખું જગત મારા દ્વારા જ વિસ્તરેલું છે. બધા જ જીવો મારામાં રહેલા છે, પણ હું તેમનામાં (કે તેમના કર્મોના બંધનમાં) બંધાયેલો નથી. જેમ પવન આકાશમાં જ ફરે છે પણ આકાશ પવનથી મુક્ત છે, તેમ ઈશ્વર સૃષ્ટિના કણ-કણમાં હોવા છતાં આ સંસારની મોહ-માયાથી અલિપ્ત છે.

ઈશ્વરની 'Management System' (CEO of the Universe)

આપણે ઘણીવાર કન્ફ્યુઝ થઈ જઈએ છીએ કે આ દુનિયામાં આટલી બધી સિસ્ટમ પરફેક્ટ કેવી રીતે ચાલે છે? સૂર્ય રોજ સવારે કેમ ઉગે છે? ઋતુઓ કેમ બદલાય છે?

કૃષ્ણ અહીં પોતાના મેનેજમેન્ટ રોલ વિશે વાત કરે છે

મયાધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્

મારી અધ્યક્ષતામાં જ પ્રકૃતિ આ ચર-અચર જગતની રચના કરે છે.)

કોઈ મોટી આઈટી (IT) કંપનીના CEO પોતે બેસીને કોડિંગ નથી કરતા કે ગ્રાઉન્ડ લેવલ પર એક-એક વાયર નથી જોડતા. એમનું કામ છે વિઝન આપવું અને સિસ્ટમ સેટ કરવી. એમની હાજરી અને ગાઈડલાઈન્સથી જ આખી કંપની ઓટોમેટિક મોડ પર ચાલે છે. બસ, કૃષ્ણ પણ આ બ્રહ્માંડના એવા જ 'Super CEO' છે. એમની સત્તા (Energy) થી જ પ્રકૃતિ પોતાનું કામ પરફેક્ટલી ઓટોમેટેડ મોડ પર કરે છે.

'પત્રં પુષ્પં ફલં તોયમ્' ભગવાનનું બજેટ-ફ્રેન્ડલી લાઈક બટન!

આ અધ્યાયનો સૌથી સુંદર અને હૃદયસ્પર્શી શ્લોક આ છે. સામાન્ય રીતે આપણને એવું લાગે કે ભગવાનને ખુશ કરવા માટે બહુ મોટા યજ્ઞો, મોંઘા થાળ કે લાખો રૂપિયાનું દાન પુણ્ય કરવું પડે. પણ કૃષ્ણ આ ભ્રમને એક જ ઝાટકે તોડી નાખે છે.



કૃષ્ણ કહે છે

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ...

જે કોઈ પ્રેમ અને ભક્તિથી મને એક પાંદડું, એક ફૂલ, એક ફળ કે માત્ર થોડું પાણી પણ અર્પણ કરે છે, હું તેનો એ પ્રેમપૂર્વક આપેલો ઉપહાર સ્વીકારું છું જેમ એક નાનું બાળક પોતાના પપ્પાના બર્થડે પર પોતાની પિગી બેંક (ગલ્લા) માંથી ૧૦ રૂપિયા કાઢીને એક સાદું ગુલાબનું ફૂલ આપે, ત્યારે એ પિતા માટે કરોડો રૂપિયાની ગિફ્ટ કરતાં પણ એ ૧૦ રૂપિયાનું ફૂલ કિંમતી હોય છે, કારણ કે તેમાં એ બાળકની લાગણી છે. કૃષ્ણ પણ આપણા એ પિતા જ છે. એમને તમારી 'ગિફ્ટની વેલ્યુ' નથી જોઈતી, એમને તમારો 'ભાવ' જોઈએ છે.

ઈશ્વરીય કવચ: 'યોગક્ષેમં વહામ્યહમ્'

આજના સમયમાં આપણે ભવિષ્યની ચિંતામાં મેડિક્લેમ કે લાઈફ ઈન્સ્યોરન્સ કરાવીએ છીએ. પણ કૃષ્ણ આ અધ્યાયમાં દુનિયાની સૌથી બેસ્ટ સુરક્ષા પોલિસી આપે છે, જેનું પ્રીમિયમ છે 'અનન્ય ભક્તિ'.

અનન્યાશ્ચિંતયંતો માં યે જનાઃ પર્યુપાસતે
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ||

તેઓ કહે છે કે, 'જે મનુષ્યો અનન્ય ભાવથી (એટલે કે કોઈ બીજા વિકલ્પ વગર, પૂર્ણ ભરોસા સાથે) મારું ચિંતન કરે છે, તે નિત્ય એકરૂપ થયેલા ભક્તોની સુખ-સગવડ અને સુરક્ષા (યોગ-ક્ષેમ) ની જવાબદારી હું પોતે ઉપાડી લઉં છું! યોગ જે તમારી પાસે નથી તે તમને લાવીને આપવું (જરૂરિયાત પૂરી કરવી).

ક્ષેમ (Kshema) જે તમારી પાસે ઓલરેડી છે તેની રક્ષા કરવી (સુરક્ષા આપવી).

જ્યારે તમે કોઈના ખાસ મહેમાન બનો, ત્યારે એ યજમાન તમારી એરપોર્ટ પર ગાડી મોકલવાથી લઈને જમવા અને રહેવાની બધી વ્યવસ્થા પોતે કરે છે. તમારે કોઈ ચિંતા નથી કરવાની હોતી. જ્યારે તમે કૃષ્ણ સાથે કનેક્ટ થાઓ છો, ત્યારે આખા બ્રહ્માંડનો માલિક તમારી લાઈફનો પર્સનલ કેરટેકર બની જાય છે!

ભૂતકાળના બોજમાંથી મુક્તિ: નો-રેઝિગ્નેશન પોલિસી!

કૃષ્ણ અહીં એક બહુ મોટું અને હિંમત આપનારું સ્ટેટમેન્ટ આપે છે, જે આજના ડિપ્રેશન અને ગિલ્ટ (અપરાધભાવ) થી પીડાતા લોકો માટે સંજીવની સમાન છે. કૃષ્ણ કહે છે કે જો કોઈ વ્યક્તિ ભૂતકાળમાં ગમે તેટલો ખરાબ (દુરાચારી) રહ્યો હોય, પણ જો તે આજે સાચા હૃદયથી સુધરીને મને સમર્પિત થઈ જાય, તો તેને પણ સાધુ જ માનવો જોઈએ, કારણ કે તેનો નિર્ણય સાચો છે. ભગવાન કોઈને રીજેક્ટ નથી કરતા. એમની પાસે ક્યારેય કોઈ ભૂલ બદલ કાયમી 'ફાયર' (નોકરીમાંથી કાઢી મૂકવા) નથી કરાતું. ગમે ત્યારે રિ-જોઈનિંગ પોસિબલ છે!

ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાંતિં નિગચ્છતિ |
કૌંતેય પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ||

તે ખૂબ જ ઝડપથી ધર્માત્મા બની જાય છે અને પરમ શાંતિ પામે છે. હે અર્જુન! તું ખાતરી રાખ, મારા ભક્તનો ક્યારેય વિનાશ થતો નથી.

કૃષ્ણ કહે છે કે તું જે ખાય છે, જે દાન કરે છે, જે તપ કરે છે તે બધું મને અર્પણ કરી દે. એનો અર્થ એ કે ઓફિસની ફાઈલ સબમિટ કરતી વખતે કે ગ્રાઉન્ડ પર રમતી વખતે પણ મનમાં એવો ભાવ રાખો કે 'કૃષ્ણ, આ તારા માટે છે.' આ કરવાથી કામનો સ્ટ્રેસ ગાયબ થઈ જશે અને કામ જ ભક્તિ બની જશે.

તમે કયા બેકગ્રાઉન્ડમાંથી આવો છો, તમારું ભણતર કેટલું છે, તમારી પાસે કેટલા પૈસા છે, એનાથી ઈશ્વરને કોઈ ફરક નથી પડતો. તમારી ભક્તિ જ તમારો પાસપોર્ટ છે.

જો ભૂતકાળમાં કોઈ ભૂલ થઈ ગઈ હોય, તો રોજ એનો અફસોસ કરીને વર્તમાન બગાડવાને બદલે, આજથી જ સાચા રસ્તે ચાલવાનું શરૂ કરો. કૃષ્ણએ પ્રોમિસ આપ્યું છે કે એમનો ભક્ત ક્યારેય ડૂબતો નથી.

જ્યારે આપણે આપણી સ્કિલ, આપણી રમત અને આપણું આખું જીવન સાચા ભાવથી પરમાત્માના ચરણોમાં ધરી દઈએ છીએ, ત્યારે આપણું લાઈફ-મેનેજમેન્ટ એકદમ પરફેક્ટ થઈ જાય છે!


(ક્રમશ: આગામી અધ્યાય ૧૦ માં આપણે સમજીશું વિભૂતિ યોગ' ભગવાનની એક્સ્ટ્રા-ઓર્ડિનરી સુપરપાવર્સ ક્યાં-ક્યાં છુપાયેલી છે? અને જગતના બેસ્ટ પર્ફોર્મન્સ પાછળ કઈ દિવ્ય ઊર્જા કામ કરે છે?)

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

---

## શ્રી પવન માકને પોતાના અદભુત વહીવટી કૌશલ્ય અને પત્રકારત્વ પ્રત્યેના સમર્પણ દ્વારા મીડિયા ક્ષેત્રે એક આગવી ભાત પાડી છે

લોકશાહીના ચોથા સ્તંભ તરીકે ઓળખાતા પત્રકારત્વના ક્ષેત્રમાં કલમની સચ્ચાઈ અને વૈચારિક સ્પષ્ટતા એ જ જે-તે મીડિયા હાઉસની સાચી મૂડી હોય છે. વર્તમાન સમયમાં જ્યારે માહિતી અને સમાચારોનો વ્યાપ વૈશ્વિક સ્તરે વધી રહ્યો છે, ત્યારે સમાજની નાડ પારખીને નિષ્પક્ષ તેમજ નીડર અખબાર જન-જન સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કોઈ કુશળ અને દીર્ઘદ્રષ્ટા સંપાદક જ કરી શકે છે. ગુજરાતના મીડિયા જગતમાં અને ખાસ કરીને આર્થિક-સાંસ્કૃતિક પાટનગર અમદાવાદથી પ્રસિદ્ધ થતા અખબારોમાં આવું જ એક આદરણીય, પ્રભાવશાળી અને પ્રેરણાદાયી નામ એટલે શ્રી પવન મકન. તેઓ 'ધની મીડિયા ગ્રુપ' ના વરિષ્ઠ એડિટર તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેઓ માત્ર એક સંપાદક નથી, પણ શબ્દોના આરાધક અને મૂલ્યનિષ્ઠ પત્રકારત્વના સશક્ત વાહક છે.



ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વમાં શબ્દના સામર્થ્યને ઉજાગર કરતી સુંદર કાવ્ય પંક્તિઓ અહીં સ્મરણમાં આવે છે:

શબ્દને સત્કાર આપી જે કલમ સજાવે છે,
સત્યના સથવારે એ આખી સૃષ્ટિને જગાડે છે;
કલમની ધાર પર જ્યાં લોકહિતનો સમન્વય થાય,
ત્યાં જ તો સાચા પત્રકારત્વનો અસલી સૂર રેલાય.

શ્રી પવન મકને પોતાના અદભુત વહીવટી કૌશલ્ય અને પત્રકારત્વ પ્રત્યેના સમર્પણ દ્વારા મીડિયા ક્ષેત્રે એક આગવી ભાત પાડી છે. તેઓ અમદાવાદથી ગૌરવભેર પ્રસિદ્ધ થતા લોકપ્રિય અને ધારદાર અખબાર 'પાક્કો ગુજરાત' દૈનિક ન્યૂઝ પેપર ના સફળ મીડિયા ગ્રુપ એડિટર તરીકે સેવાઓ આપી રહ્યા છે. 'પાક્કો ગુજરાત' તેના નામ પ્રમાણે જ ગુજરાતની અસ્મિતા, સંસ્કૃતિ અને જનસામાન્યના પ્રશ્નોને હકારાત્મક તેમજ તીક્ષ્ણ શબ્દોમાં રજૂ કરવા માટે અગ્રેસર રહ્યું છે. શ્રી પવનભાઈના કુશળ માર્ગદર્શન હેઠળ આ અખબારે વાચકોના હૃદયમાં એક અતૂટ વિશ્વાસ અને આદરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

શ્રી પવનભાઈની દ્રષ્ટિ અને પત્રકારત્વનો વ્યાપ માત્ર પ્રાદેશિક ભાષા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેઓ બહુભાષી પત્રકારત્વના હિમાયતી છે. હિન્દી ભાષી વાચકો માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાહોથી સભર 'મહા નગર મેટ્રો' હિન્દી ન્યૂઝ દૈનિક તેમજ વૈશ્વિક સ્તરે અંગ્રેજી વાચકોની ક્ષિતિજોને વિસ્તારતું 'મહા નગર' અંગ્રેજી દૈનિક ન્યૂઝ પેપર જેવા સશક્ત અખબારોના એડિટર તરીકે પણ તેઓ ખૂબ જ સક્ષમ ભૂમિકા ભજવી રહ્યા છે. અમદાવાદ જેવા મહાનગરમાંથી એકસાથે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણેય ભાષાઓના દૈનિક અખબારોનું કુશળ સંપાદન કરવું અને દરેક ભાષાની મર્યાદા તેમજ દર્શકોની રુચિ જાળવી રાખવી, તે તેમની ઉચ્ચ બૌદ્ધિક ક્ષમતા અને મીડિયા જગત પરની મજબૂત પકડ દર્શાવે છે.

એક વરિષ્ઠ સંપાદક તરીકે શ્રી પવન મકને ક્યારેય સસ્તા પ્રચાર પાછળ દોડવાને બદલે હંમેશા ગ્રાઉન્ડ રિપોર્ટિંગ, તથ્યોની સત્યતા અને લોકશાહીના મૂલ્યોની જાળવણીને સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું છે. વહીવટી તંત્રની ક્ષતિઓ પર નીડરતાથી કલમ ચલાવવાની સાથે-સાથે સમાજના સકારાત્મક અને પ્રેરણાદાયી કાર્યોને વાચા આપવામાં તેમની કલમ હંમેશા મોખરે રહે છે. તેમના નેતૃત્વમાં ત્રણેય અખબારો આજે પ્રગતિના પંથે અગ્રેસર છે.

શબ્દ અને જ્ઞાનની ઉપાસના કરતા શ્રી પવન મકન આગામી સમયમાં પણ પત્રકારત્વના માધ્યમથી સમાજને આવી જ રીતે નવી દિશા ચીંધતા રહેશે અને અખબારી જગતમાં ગુજરાતનું નામ વધુ ઉજ્જવળ કરશે તેવી મંગલ કામના. કલમના આવા સાચા સૈનિક અને વરિષ્ઠ સંપાદકને હૃદયપૂર્વકના શત-શત વંદન છે.


સહયોગ અને સાહિત્યિક વંદનાની અપેક્ષા સહ,

**રૂપેશ સોલંકી (ભચાઉ - કચ્છ)**

---

## જીવનમાં ગુરૂજીનું મહત્વ

આપણાં શાસ્ત્રો તથા પુરાણોમાં ગુરૂજીની ભક્તિ તથા શક્તિ વિષે વિસ્તૃત છણાવટ કરેલી છે.આપણાં દરેક શાસ્ત્રોમાં ગુરૂનો મહિમા અનન્ય રીતે બતાવેલ છે. જેમ કોઈ ઑફિસમાં આપણે મોટા અધિકારીને મળવા જવું હોય તો, સૌ પ્રથમ આપણે તેના સેક્રેટરી કે આસિસ્ટન્ટને મળવું પડે છે, એવી જ રીતે પ્રભુને પામવા હોય તો ગુરૂજીના શરણે જવું જ પડે છે, અને ગુરૂ જ પોતાના જ્ઞાન થકી શિષ્યને પ્રભુ પાસે પહોંચવાનો માર્ગ બતાવે છે,જેમ આશરે આશરે સાસરે જઈ શકાતું નથી, તેવી જ રીતે ગુરૂજીના માધ્યમ વિના ઈશ્વરના દરબાર સુંધી પહોંચી શકાતું નથી. સાચો ગુરૂ જ પોતાના શિષ્યનો પથદર્શક અને માર્ગદર્શક બને છે.કહેવાય છે કે ભગવાન દત્તાત્રેયે ૨૪ ગુરૂઓ કર્યા હતા અને તે તમામ પાસેથી અવનવું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અકબરના દરબારના રત્ન સમાન તાનસેનજી એ હરિદાસ સ્વામીને પોતાના ગુરૂ માન્યા હતાં શિવાજી મહારાજે સમર્થ શ્રી રામદાસ સ્વામીને પોતાના ગુરૂ પદે સ્થાપ્યા હતાં. ગુરૂ દ્રૌણાચાર્ય કૌરવો અને પાંડવોના ગુરુ હતા.ઋષિ વશિષ્ઠ રામચંદ્રના ગુરૂજી હતા તો સાંદિપની ઋષિ ભગવાન શ્રીકૃષ્ણ તથા સુદામાના ગુરૂ હતા. આમ આપણે ઈતિહાસ તપાસીશું તો સમગ્ર ઠેકાણે આપણને ગુરૂનો ઉલ્લેખ જરૂરથી જોવા મળશે.જેમ વાડની સહાયતા વિના વેલો ચઢાવવો મુશ્કેલ છે એ રીતે ગુરૂજીના માધ્યમ અને સાંનિધ્ય વગર આગળ વધવું અઘરૂં હોય છે. ગુરૂ શિષ્યનો નાતો (સંબંધ) એટલો મજબૂત હોય છે કે એના માટે ગુજરાતી ભાષાના કવિ અખા ભગતે પોતાના એક છપ્પામાં લખ્યું છે કે



' ગુરૂ શિષ્યની તો એવી વાત, જેમ શુદ્ધ પારસને સઘળી વાત,
શુદ્ધ પારસને જે જે અડે, તે તે કંચન થઈ નિમડે'.

અખા ભગતનો કહેવાનો ભાવાર્થ એ છે કે, ગમે તેવું કાચું લોખંડ હોય, પરંતુ તે સાચા પારસમણિના સંપર્કમાં આવવાથી શુદ્ધ સોનામાં પરિવર્તિત થઈ જાય છે,તેવી જ રીતે કોઈ અબુધ શિષ્ય પણ જો સાચા અને સારા ગુરૂજીના સંપર્કમાં આવે તો તે પણ બદલાઈને પરમહંસ કોટિ સુધી પહોંચી શકે છે.કબીરદાસજી પણ તેમના એક દોહામાં, આ વાત રજૂ કરતાં કહે છે કે ' ગુરૂ ગોવિંદ દોનું ખડે,કાકે લાગૂ પાય, બલિહારી ગુરુ આપની, ગોવિંદ દીયો બતાય'. અર્થાત ગુરૂજી તથા ખુદ ઈશ્વર બેઉ એક સાથે ઉભા હોય, તેમ છતાં,સાચો શિષ્ય તો ગુરૂજીને આદર આપી પ્રણામ કરશે અને ત્યારબાદ જ ગુરૂજી પોતે શિષ્યને પ્રભુના શરણમાં લઈ જશે.

ગુરૂજી પોતાના શિષ્યના અંધકારમય જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી તેના અંધકારમય જીવનમાં પ્રકાશ ફેલાવે છે. તો અન્ય એક કવિ કહે છે કે 'બીન ગુરૂ જ્ઞાન કહાં સે પાઉં, દીજો દાન હરિ ગુન ગાઉં,' મતલબ કે, હે ગુરુદેવ તમારી મદદ વગર, હું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત કરી શકું? મને એવું દાન આપો કે જેના થકી, હું ભગવાનનાં ગુણગાન ગાતો રહું. ઈતિહાસમાં એકલવ્યની ગુરુભક્તિ અમર બની ગઈ છે, કારણકે દ્રોણાચાર્યે એકલવ્યને પ્રત્યક્ષ ધનુર્વિદ્યા શીખવી ન હતી, પરંતુ એકલવ્યએ ગુરુ દ્રોણની માટીની પ્રતિમા બનાવી, માટીની મૂર્તિની અંદર સાક્ષાત ગુરૂજી બિરાજમાન છે એવી અતૂટ શ્રદ્ધા થકી પોતાની મેળે જ જાણે મૂર્તિમાં રહેલાં ગુરૂજી પ્રેરણા આપતાં હોય તેમ ધનુર્વિદ્યામાં મહારથ હાંસિલ કરી હતી, છતાં પણ ગુરુદક્ષિણા આપવાના ભાગરૂપે, પોતાના જમણા હાથનો અંગૂઠો એકજ ઝાટકે કાપીને, પોતાના ગુરૂજીને અર્પણ કર્યો હતો.

ઉપરની બાબત સમજીને દરેક શિષ્યે પોતાના ગુરુજીનો આદર સત્કાર કરવો જોઈએ તથા એમની સેવા ચાકરી કરવી જોઈએ. શિક્ષક અને વિદ્યાર્થીનો નાતો પણ આવા જ પ્રકારનો હોય છે. સારો શિક્ષક ગમે તેવા અબુધ બાળકને પણ ગુણકારી અને સંસ્કારી બનાવી શકે છે.

**યોગેશભાઈ આર જોશી**
હાલોલ: ૩૮૯ ૩૫૦, જિ.પંચમહાલ
સીનીયર સીટીઝન તથા કવિ/લેખક

---

# સુપ્રીમ કોર્ટની પોલીસ અને આંદોલનકારીઓને લાલ આંખ

### "શાંતિપૂર્ણ આંદોલન બંધારણીય અધિકાર, પરંતુ હિંસા અસ્વીકાર્ય"; વિરોધ પ્રદર્શન માટે પ્રોટોકોલ બનાવવાનો નિર્દેશ

નવી દિલ્હી

NEET પરીક્ષામાં ગડબડી અને પેપર લીકના વિરોધમાં દિલ્હીના જંતર-મંતર સહિત દેશભરમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનો અને પોલીસ વચ્ચેના ઘર્ષણ મામલે સુપ્રીમ કોર્ટે અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ટિપ્પણી કરી છે. વિદ્યાર્થીઓના પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા કરવામાં આવેલી બર્બરતા અને બીજી તરફ આંદોલનકારીઓ દ્વારા પોલીસ સાથે કરવામાં આવેલી મારઝૂડ પર દેશની સર્વોચ્ચ અદાલતે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી છે કે, 'લોકશાહીમાં શાંતિપૂર્ણ આંદોલન કરવું એ નાગરિકોનો મૌલિક અને બંધારણીય અધિકાર છે, પરંતુ વિરોધના નામે હિંસા કે પોલીસ પર હુમલા સહન કરી શકાય નહીં.' "પોલીસની બર્બરતા અયોગ્ય, પણ કાયદો હાથમાં લેવો પણ ચિંતાજનક" અદાલતે બંને પક્ષોના વલણ સામે નારાજગી વ્યક્ત કરતાં કડક અવલોકનો કર્યા હતા: વિદ્યાર્થીઓ પર અત્યાચાર અયોગ્ય: પોતાના ભવિષ્ય માટે અવાજ ઉઠાવી રહેલા નિર્દોષ વિદ્યાર્થીઓ અને યુવાનો પર પોલીસ દ્વારા આચરવામાં આવતી બળજબરી કે બર્બરતા સંપૂર્ણપણે ગેરવાજબી છે. પોલીસ પર હુમલા પણ ચિંતાજનક: આંદોલનની આડમાં પોલીસ કર્મચારીઓ સાથે મારઝૂડ કરવી, સરકારી મિલકતોને નુકસાન પહોંચાડવું કે હિંસા ફેલાવવી એ પણ એટલું જ ગંભીર અને ચિંતાજનક છે. સંતુલન જરૂરી: લોકશાહીમાં વિરોધ કરવાનો અધિકાર અને કાયદો-વ્યવસ્થાની જાળવણી વચ્ચે યોગ્ય સંતુલન હોવું અનિવાર્ય છે. આંદોલન માટે કાયમી પ્રોટોકોલ નક્કી કરવા નિર્દેશ સુપ્રીમ કોર્ટે દેશમાં વારંવાર સર્જાતી આવી સ્થિતિને નાથવા માટે એક ચોક્કસ 'પ્રોટોકોલ' કે માર્ગદર્શિકા (Guidelines) તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે.

1. વિરોધ પ્રદર્શનની મર્યાદા: નાગરિકો પોતાના અધિકારો માટે ક્યાં અને કેવી રીતે શાંતિપૂર્ણ પ્રદર્શન કરી શકે તેની સ્પષ્ટ સીમાઓ નક્કી થવી જોઈએ. 2. પોલીસની જવાબદારી: પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગ કરતી વખતે પોલીસે કેટલી મર્યાદા જાળવવી અને કઈ પરિસ્થિતિમાં એક્શન લેવા તેનો પ્રોટોકોલ નક્કી થવો જોઈએ. સવાલ એ જ... શું કાયદાના દાયરામાં જળવાશે લોકશાહી? NEET મુદ્દે દેશનો યુવા વર્ગ રસ્તા પર છે ત્યારે સુપ્રીમ કોર્ટનો આ આદેશ અત્યંત સમયસરનો માનવામાં આવી રહ્યો છે. સર્વોચ્ચ અદાલતના આ વલણ બાદ હવે સરકારી તંત્ર અને આંદોલનકારીઓ બંનેએ શિસ્ત જાળવવી પડશે. હવે જોવાનું એ રહેશે કે કેન્દ્ર સરકાર અને પોલીસ પ્રશાસન સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ આંદોલનો માટે કેવા પ્રકારનો નવો પ્રોટોકોલ જાહેર કરે છે!



### આદિવાસીઓની જમીન પર GIDCની નજર સામે છાયણ-કચલધરાના ગ્રામજનોનો ઉગ્ર આક્રોશ

# "જમીન અમારી માતા છે, રોજગારનું એકમાત્ર સાધન છે—કોઈપણ ભોગે જમીન નહીં આપીએ"



**■ ગ્રામસભાના ઠરાવને અવગણી જમીન માપણી-સંપાદનનો પ્રયાસ કરાયો તો ઉગ્ર આંદોલનની ચીમકી**

ઝાલોદ, પંકજ પંડિત

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના છાયણ અને ગ્રુપ ગ્રામ પંચાયત ધોળાખાખરાના કચલધરા ગામમાં GIDC માટે જમીન સંપાદન કરવાની કથિત કાર્યવાહી સામે આદિવાસી સમાજમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ગ્રામજનો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે કે તેઓ પોતાની મહામૂલી જમીન કોઈપણ સંજોગોમાં સ્વેચ્છાએ આપવા તૈયાર નથી.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, આદિવાસી સમાજ માટે જમીન માત્ર જમીન નથી, પરંતુ તેમની પેઢીઓની વારસાગત સંપત્તિ, જીવનનિર્વાહનું સાધન, પશુપાલનનો આધાર અને ભવિષ્યની પેઢીઓનું અસ્તિત્વ છે. આવી જમીન છીનવી લેવામાં આવશે તો સ્થાનિક આદિવાસી પરિવારોના જીવન અને રોજગાર પર સીધી અસર પડશે.

છાયણ ગ્રામ પંચાયતની તા. 01/07/2026ના રોજ યોજાયેલી ગ્રામસભામાં સર્વે નં. 38/4ની સરકારી પડતર જમીન GIDCને ફાળવવાનો સર્વાનુમતે વિરોધ કરવામાં આવ્યો હતો. ગ્રામસભા દ્વારા ઠરાવ નં. 03 પસાર કરી જમીન ફાળવણી સામે સ્પષ્ટ વાંધો નોંધાવવામાં આવ્યો છે.

તે જ રીતે, ગ્રુપ ગ્રામ પંચાયત ધોળાખાખરા હેઠળના કચલધરા ગામમાં પણ ગ્રામસભા ઠરાવ નં. 07 દ્વારા તા. 29/05/2026ના ઠરાવનો સંપૂર્ણ અમલ કરવાની માંગ કરવામાં આવી છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે ગ્રામસભાની સ્પષ્ટ અસંમતિ હોવા છતાં પોલીસ દબાણ હેઠળ જમીન માપણી અને સંપાદનની કાર્યવાહી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેને લઈને આદિવાસી સમાજમાં ભારે રોષ ફેલાયો છે. ગ્રામજનોનું કહેવું છે કે વર્ષોથી આ જમીન પર સ્થાનિક લોકો ખેતી, પશુપાલન અને અન્ય પરંપરાગત જીવનનિર્વાહના સાધનો પર આધારિત છે. જમીન જ તેમની આવકનું મુખ્ય સાધન છે.

GIDC માટે જમીન સંપાદન કરવામાં આવશે તો જમીન ગુમાવનાર પરિવારોને માત્ર વળતર આપવાથી તેમનું જીવન ફરી ઊભું નહીં થઈ શકે, એવો ગ્રામજનોનો આક્રોશ છે. તેમની માંગ છે કે વિકાસના નામે આદિવાસીઓને તેમની જ જમીન થી વિસ્થાપિત કરવામાં ન આવે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, સર્વે નં. 38/4 વિસ્તારમાં અનેક પરિવારો ચારથી વધુ પેઢીઓથી વસવાટ કરે છે. આ વિસ્તારમાં રહેણાંક મકાનો, કૂવાઓ, ખેતીના સાધનો, વીજળી સહિતની સરકારી સુવિધાઓ ઉપલબ્ધ છે.

### જાત મહેનત જિંદાબાદ: આખા સંકુલને ચળકાવ્યું!

## નાની કઠેચી કન્યા શાળામાં પૂરના પાણી ઓસરતા જ શૈક્ષણિક સ્ટાફે જાતે ઉપાડી સાવરણી

વિરમગામ, (વંદના નીલકંઠ વાસુકિયા)

'શ્રમ એ જ સેવા' અને 'જાત મહેનત જિંદાબાદ'ના ઉદ્દેશ્યને સાર્થક કરતી એક અત્યંત પ્રેરણાદાયી ઘટના સામે આવી છે. ચોમાસા દરમિયાન પડેલા ભારે વરસાદ અને અતિવૃષ્ટિના કારણે લીંબડી તાલુકાના નાની કઠેચી ગામે આવેલી કન્યા પ્રાથમિક શાળાના પરિસરમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. વરસાદી પાણી ઓસર્યા બાદ શાળામાં ચારેય તરફ કાદવ-કચરો અને ગંદકીનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું.



પરંતુ, બાળકોનું શિક્ષણ ખોરવાય નહીં અને શાળાનું વાતાવરણ સ્વાસ્થ્યપ્રદ રહે તે માટે સરકારી આદેશો કે સફાઈ કર્મચારીઓની રાહ જોયા વગર જ શાળાના આચાર્ય અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફે પોતે હાથમાં સાવરણી, વાઈપર અને પાણીના પાઈપ ઉપાડીને આખા સંકુલની કાયાપલટ કરી નાખી હતી.

શાળા પરિવારના દરેક સભ્યએ પોતાની ફરજ સમજીને આ શ્રમદાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્ય નીરુબેન સોલંકીના નેતૃત્વ હેઠળ સમગ્ર ટીમ મેદાનમાં ઉતરી હતી: શિક્ષક અને શૈક્ષણિક ટીમ: ધનાભાઈ મૂંધવા, મનિષભાઈ પટેલ, નીતાબેન કાવર, નિલાબેન વિરુગામા, સેફાલીબેન પટેલ, મેહુલભાઈ વૈષ્ણવ, આરતીબેન ભટ્ટ, ફરહાનાબાનુ પઠાણ, કૃપાબેન પટેલ, રસિક જતાપરા, ક્રિષ્નાબેન રાઠોડ અને ગાયત્રીબેન ચૌહાણ સહિતના શિક્ષકોએ વર્ગખંડો અને પ્રંગણની સફાઈમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

### મૃતક સહિત ત્રણેય બાઈક સવાર એક જ પરિવારના હોવાનું સામે આવ્યું

## મહુડી ગામે ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત : એકનું મોત, બે ગંભીર રીતે ઘાયલ

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકાના મહુડી ગામે સ્કૂલ નજીક રોડ પર ટ્રક અને મોટરસાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા એક યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, છાસીયા ગામના સુવર ફળિયામાં રહેતા ગોરસીંગભાઈ ભુરકાભાઈ સુવરના જણાવ્યા મુજબ, રાત્રિના આશરે આઠ વાગ્યાના સુમારે તેમના પુત્ર વિપુલભાઈ, ભત્રીજા ગીરીશભાઈ સોમાભાઈ સુવર તથા શુક્રમભાઈ બદાભાઈ સુવર હિરો સ્પ્લેન્ડર મોટરસાયકલ નં. GJ-27-AG-3598 પર સવાર થઈ મહુડી ગામે કરિયાણાનો સામાન તથા શાકભાજી લેવા માટે નીકળ્યા હતા.

આ દરમિયાન મહુડી સ્કૂલની આગળ રોડ પર તેમની મોટરસાયકલને ટાટા કંપનીના ટ્રક નં. GJ-01-CX-5526 સાથે અકસ્માત થયો હતો. અકસ્માતની જાણ થતાં પરિવારજનો અને સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતમાં ગીરીશભાઈને માથા સહિત શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે વિપુલભાઈને જમણા પગ અને જમણા હાથમાં તેમજ શુક્રમભાઈને જમણા પગ અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.

સ્થાનિક મનોજભાઈ સુવર દ્વારા 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા ઈજાગ્રસ્તોને તાત્કાલિક ઝાલોદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ગીરીશભાઈને ગંભીર ઈજાઓ હોવાથી ખાનગી વાહન મારફતે હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તપાસ બાદ ગીરીશભાઈને મૃત જાહેર કર્યા હતા. જ્યારે વિપુલભાઈ અને શુક્રમભાઈને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ઝાલોદની ધુન હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

## માંજલપુર વિધાનસભા પેટા-ચૂંટણી: 30 જુલાઈના રોજ મતદાનના દિવસે જાહેર રજા ઘોષિત

વડોદરા

વડોદરા શહેરની ચર્ચિત 145-માંજલપુર વિધાનસભા બેઠક પર યોજાનારી પેટા-ચૂંટણીને લઈને વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી તા. 30 જુલાઈ, 2026 ને ગુરુવારના રોજ મતદાન યોજાનાર છે, ત્યારે લોકશાહીના આ મહાપર્વમાં વધુમાં વધુ નાગરિકો અને કર્મયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે 30 જુલાઈના દિવસે માંજલપુર મતવિસ્તારમાં જાહેર રજા રહેશે.

તંત્ર દ્વારા લેવાયેલા આ નિર્ણયથી વિસ્તારના સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાં કામ કરતા મતદારોને મતદાન કરવામાં સરળતા રહેશે. સરકારની સત્તાવાર માહિતી અનુસાર, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 1881 મુજબ માંજલપુર વિધાનસભા મતવિસ્તારના તમામ સરકારી, અર્ધ-સરકારી, બેંકો તેમજ ખાનગી સંસ્થાઓમાં કામ કરતા કર્મયોગીઓ કોઈ પણ અવરોધ વગર અને મુક્તપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ વિશેષ રજા જાહેર કરવામાં આવી છે. કોઈ પણ નોકરિયાત કે શ્રમિક પોતાના મતદાનના અધિકારથી વંચિત ન રહી જાય તે હેતુથી પ્રશાસન દ્વારા આ આદેશ જાહેર કરાયો છે.

વહીવટી તંત્ર દ્વારા માંજલપુર વિસ્તારના તમામ નાગરિકોને લોકશાહીના આ પર્વમાં ઉત્સાહભેર ભાગ લઈ 100 ટકા મતદાન કરવા અપીલ કરવામાં આવી છે.

### ઝાલોદ બાયપાસ પાસે શિક્ષકના પુત્ર પર જીવલેણ હુમલો!

## પત્ની સાથેના કથિત પ્રેમસંબંધની શંકામાં મિત્રએ ચપ્પુ જેવા હથિયારથી હુમલો કર્યો હોવાનો આક્ષેપ

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ બાયપાસ કાંટા પાસે એક યુવક પર ચપ્પુ જેવા હથિયારથી જીવલેણ હુમલો કરવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને પ્રથમ ઝાલોદ સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે દાહોદની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ, બાસવાડા જિલ્લાના ગાંગડતલાઈ તાલુકાના તરતકીયા ગામના વતની અને પોલાપાણ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા રમેશચંદ્ર ગરાસીયાના પુત્ર કલ્પેશભાઈએ આશરે પાંચ વર્ષ અગાઉ ઝાલોદ તાલુકાના વરોડ ગામની એક યુવતી સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. લગ્ન બાદ કલ્પેશભાઈ અમદાવાદમાં



નોકરી કરતા હતા, પરંતુ પત્ની ગર્ભવતી હોવાથી છેલ્લા કેટલાક સમયથી ઝાલોદમાં ભાડાના મકાનમાં રહેતા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદી પિતાના જણાવ્યા મુજબ, તા.૨૬ જુલાઈના રોજ સાંજના સમયે તેમને ફોન મારફતે જાણ થઈ હતી કે તેમના પુત્ર કલ્પેશભાઈને ઝાલોદ બાયપાસ કાંટા પાસે કોઈ વ્યક્તિ સાથે ઝઘડો થયો છે અને તેને ઈજાઓ થઈ છે. પરિવારજનો ઝાલોદ સરકારી દવાખાને પહોંચ્યા ત્યારે કલ્પેશભાઈ લોહીલુહાણ હાલતમાં જોવા મળ્યા હતા. તેમના ગળા, છાતી સહિત શરીરના વિવિધ ભાગોમાં ઈજાઓના નિશાન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પરિવારજનો દ્વારા પૂછપરછ કરતાં કલ્પેશભાઈએ જણાવ્યું હોવાનું ફરિયાદમાં નોંધાયું છે કે, અમદાવાદના તેમના મિત્ર ધર્મેશભાઈ ઉર્ફે રાજ કમલેશભાઈ ભુવીર સાથે તેમની પત્નીના કથિત પ્રેમસંબંધની જાણ થતાં વિવાદ સર્જાયો હતો. આ વ્યક્તિ તેમની પત્નીને પોતાની સાથે રાખવા માંગતો હોવાની વાત સામે આવી હતી અને આ બાબતે પોતાને મારી નાખવાના ઈરાદે ચપ્પુ જેવા હથિયારથી હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ યુવકે પરિવારજનો સમક્ષ કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

## એમપીની ગુમ મહિલાનું પરિવાર સાથે પુન: મિલન:ગાંધીનગરના સખી વન સ્ટોપ સેન્ટરે બે માસ આશ્રય આપ્યો

ગાંધીનગર

છેલ્લા 2 મહિનાથી પોતાના પરિવારથી વિખૂટા પડીને રસ્તે-રસ્તે ભટકવા મજબૂર બનેલા મધ્ય પ્રદેશના 55 વર્ષીય મહિલા માટે ગાંધીનગરનું સખી વન સ્ટોપ સેન્ટર દેવદૂત સાબિત થયું છે. ભૂલથી ગુજરાત આવી પહોંચેલાં અને માનસિક આઘાતમાં સરી પડેલા મહિલાને ગાંધીનગર પોલીસ અને સખી સેન્ટરની ટીમે સલામત આશ્રય અને તબીબી સારવાર જ પૂરી પાડી અથાક પ્રયાસોના અંતે આખરે તેમના પુત્ર અને ભાઈ સાથે મિલન કરાવીને માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ,6 જુલાઈ 2026ના રોજ ડભોડા પોલીસ મથકની ટીમને રસ્તે ભટકતી હાલતમાં એક અનાથ મહિલા મળી આવ્યા હતા. પોલીસે તેમને સુરક્ષિત આશ્રય આપવાના હેતુથી સેક્ટર-12 સ્થિત સિવિલ હોસ્પિટલ પરિસરમાં આવેલા સખી વન સ્ટોપ સેન્ટર ખાતે




સોંપ્યા હતા. શરૂઆતના બે દિવસ સુધી આ મહિલા ભારે માનસિક તણાવ, આઘાત અને અજાણ્યા ભયના કારણે અત્યંત ક્રોધિત જણાતા હતા.તેઓ સેન્ટરના કર્મચારીઓ પર ઉશ્કેરાઈને અપશબ્દો બોલતા અને કોઈને પણ પોતાની નજીક આવવા દેતા નહોતા.

### એમ્બ્યુલન્સમાં પોશડોડાનો ખતરનાક ખેલ!

## ઝાલોદ પોલીસની પેટ્રોલિંગ દરમિયાન કુશલગઢથી આવતી એમ્બ્યુલન્સમાં 575 કિલો પોશડોડા ઝડપાયો

**આ જથ્થો ક્યાંથી આવ્યો, કોના માટે લઈ જવાતો હતો અને સમગ્ર નેટવર્કમાં અન્ય કોણ-કોણ સંકળાયેલું છે તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે**

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ પોલીસની સતર્કતા અને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન નશાના કાળા કારોબાર સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સામાન્ય રીતે દર્દીઓના જીવન બચાવવા માટે ઉપયોગમાં લેવાતી એમ્બ્યુલન્સને જ નશાના કાળા કારોબાર માટે 'કવર' તરીકે ઉપયોગમાં લેવામાં આવતી હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. મળતી માહિતી મુજબ, ઝાલોદ પોલીસ નાઈટ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મુનખોસલા ગામ નજીક કુશલગઢ (રાજસ્થાન) તરફથી આવતી એક એમ્બ્યુલન્સને શંકાના આધારે અટકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન એમ્બ્યુલન્સમાંથી અંદાજે 575 કિલો પોશડોડાનો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે પોશડોડાનો અંદાજે રૂ.86,30,000નો જથ્થો, આશરે રૂ.3,00,000ની એમ્બ્યુલન્સ, મોબાઈલ ફોન સહિત કુલ અંદાજે રૂ.89,35,625નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળે છે. આ સમગ્ર મામલામાં પોલીસે ભવરારામ રેખારામ જાટ, રહે. બાડમેર, રાજસ્થાનની અટકાયત કરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હોવાનું જાણવા મળે છે કે મંગળસિંહ જાટ નામના વ્યક્તિએ મંદસૌરથી નશાકારક પોશડોડાનો જથ્થો ભરાવી આપ્યો હતો, જ્યારે આ જથ્થો




બાડમેરના બાંકારામ જાટને પહોંચાડવાનો હતો. એટલે કે, મંદસૌરથી નશાનો જથ્થો ભરાયો, એમ્બ્યુલન્સના માધ્યમથી રાજસ્થાન તરફ લઈ જવાતો હતો અને ઝાલોદના મુનખોસલા નજીક પોલીસની સતર્કતાથી સમગ્ર નશાના નેટવર્કનો એક કડી ઝડપાઈ ગઈ છે.

આ કાર્યવાહીથી નશાના કારોબારીઓમાં ફફડાટ ફેલાયો છે. પોલીસે ઝડપાયેલા ડ્રાઈવરની પૂછપરછ શરૂ કરી છે અને મંગળસિંહ જાટ તથા બાંકારામ જાટ સહિત આ સમગ્ર નશાના નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકો સુધી પહોંચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## વિશ્વ સિંહદિવસની કાર્યશાળાનું આયોજન સાસણમાં સંપન્ન થયું

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

ગુજરાતમાં દર વર્ષે 10મી ઓગસ્ટ ના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં રાજ્યના 11 જિલ્લાઓમાં કે જે જગ્યાએ સિંહનું વિચરણ છે ત્યાં શાળા કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ અને ગ્રામજનોના સહકારથી રેલી, સભા અને સિંહ સંરક્ષણની પ્રતિજ્ઞા લેવડાવી વગેરેનું આયોજન હોય છે.




આગામી 10 મી ઓગસ્ટ અને સોમવારના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી 11 જિલ્લાના 58 તાલુકાઓમાં કરવામાં આવશે. અંગેની કાર્યશાળા સાસણ વન્ય પ્રાણી વિભાગના આયોજન હેઠળ સાસણ ખાતે તા 26 જુલાઈના કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં સંબોધન કરતા વન્ય પ્રાણી વિભાગના નાયબ વંન સંરક્ષક શ્રી અવનીશ્વર વ્યાસે માનવ અને સિંહ વચ્ચેના સંઘર્ષને દુ:ખદ ગણાવીને સિંહ એક પ્રાણી છે અને માણસ એક સમજુ અને વિવેક સભર વર્તે તેવું પ્રાણી છે તેથી તેની સાથે વિવેક પૂર્ણ વર્તવાનો ભાર મૂકીને આવા સંઘર્ષને નિવારવા પર જોર આપ્યું હતું.તેઓએ આયોજનની રૂપરેખા પણ તેઓએ રજૂ કરી.

### 2.99 લાખના વિદેશી દારૂ સાથે 1728 બોટલો જપ્ત

## જેતપુરના બોરડી સમઢીયાળા ગામે એલસીબીનો દરોડો : બુટલેગર ફરાર

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંતર નાબૂદ કરવા માટે ચલાવવામાં આવી રહેલી ખાસ ઝુંબેશ અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB)ની ટીમે સફળતા મેળવી છે. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ LCBની ટીમે જેતપુર તાલુકાના બોરડી સમઢીયાળા ગામે એક રહેણાંક મકાન પર દરોડો પાડીને રૂપિયા ૨.૯૯.૫૨૦ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે, જ્યારે પોલીસ રેઈડ દરમિયાન આરોપી બુટલેગર ઘરે હાજર મળી આવ્યો ન હતો.



ઘટનાની વિગતો અનુસાર, જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડ દરમિયાન એલ.સી.બી. શાખાની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન સ્ટાફના માણસોને ચોક્કસ ખાનગી બાતમીદાર તરફથી હકીકત મળી હતી કે જેતપુર તાલુકાના બોરડી સમઢીયાળા ગામે રહેતો આરોપી કુલદીપ ઉર્ફે કેતન મનુભાઈ મોયા પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો મોટો જથ્થો રાખીને તેનું વેચાણ તથા હેરફેર કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે તુરંત જ તે મકાન પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસ રેઈડ દરમિયાન આરોપી કુલદીપ ઉર્ફે કેતન તેના ઘરે હાજર મળી આવ્યો ન હતો જોકે, પોલીસે મકાનની તલાશી લેતા ત્યાંથી અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૧૭૨૮ નંગ બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂપિયા ૨,૯૯,૫૨૦ આંકવામાં આવી છે.

પોલીસે દારૂનો આ તમામ મુદામાલ કબજે કરીને જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશન એક્ટની કલમ મુજબ ગુનો દાખલ કર્યો હતો. પોલીસ રેકોર્ડ તપાસતા સામે આવ્યું છે કે હાજર ન મળી આવેલો આરોપી કુલદીપ ભારે ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે તેની સામે અગાઉ પણ જેતપુર સીટી અને જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના કુલ ૬ જેટલા ગુન્હાઓ નોંધાઈ ચૂક્યા છે હાલ પોલીસે ગુન્હાના કામે ગેરહાજર આરોપીને અટક કરવા માટે અલગ-અલગ દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે



### બંને જોડે ડિનર પર ગયા, વીડિયો વાઇરલ થયા અટકળો

# મૃણાલ ઠાકુર અને ક્રિકેટર યશસ્વી જયસ્વાલ વચ્ચે શુ રંધાઈ રહ્યુ છે?

મુંબઈ

24 વર્ષનો આક્રમક અને ભરોસાપાત્ર લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન યશસ્વી જયસ્વાલ હાલમાં ભારતની ટી-20 ટીમમાં નથી એટલે તેનું વેકેશન ચાલી રહ્યું છે અને એમાં સ્વાભાવિક છે કે તે પર્સનલ લાઇફમાં જ વ્યસ્ત હોય, પરંતુ જેમ કોઈ સેલિબ્રિટી વિશે કંઈક અનોખું કે અજુગતું જોવા મળે તો તેની વાતો વાઈરલ થયા વગર રહેતી નથી અને યશસ્વી સાથે પણ આવું જ બન્યું. યશસ્વી જયસ્વાલ થોડા દિવસ પહેલાં બૉલીવૂડ અભિનેત્રી મૃણાલ ઠાકુર સાથે ડિનર પર ગયો એવો વાઈરલ થતાં સોશ્યલ મીડિયામાં તે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે. તેઓ ડિનર બાદ રેસ્ટોરાંમાંથી બહાર આવી રહ્યા હતા એ ક્ષણોને અલગ અલગ રીતે વીડિયોમાં જોવા મળતાં મીડિયામાં યશસ્વી વાઈરલ થયો છે અને એ વીડિયો પરથી ફોટોગ્રાફ પણ બનાવીને વાઈરલ કરી દેવામાં આવ્યા છે.

એવી વાત ઉડી છે કે યશસ્વીનું અભિનેત્રી મૃણાલ ઠાકુર સાથે ડેટિંગ ચાલે છે. બન્નેના ચાહકોએ પ્રતિક્રિયા અને સ્ટોરીઓથી મીડિયા પર આક્રમણ કર્યું છે. જોકે યશસ્વી કે મૃણાલ બેમાંથી કોઈએ પણ આ બાબતમાં કોઈ પણ પ્રકારનું સમર્થન નથી આપ્યું અને તેમની સંભવિત રિલેશનશિપ બાબતમાં કોઈ પુષ્ટિ પણ નથી મળી. 'એક્સ' અને 'ઈન્સ્ટાગ્રામ' પર યુઝર્સ એ જાણવા માગે છે કે યશસ્વી-મૃણાલ રિલેશનશિપમાં છે કે શું? કેટલાકના મતે બન્નેએ માત્ર મિત્ર તરીકે સાથે ડિનર લીધું હશે. બીજા અમુકનું માનવું છે કે બન્ને જણ જાહેરમાં સાથે જોવા મળ્યા એટલે જરૂર કંઈક તો છે જ. દરમ્યાન, ઑગસ્ટમાં ભારતની ટેસ્ટ ટીમ શ્રીલંકાના પ્રવાસે જશે અને યશસ્વી ઓપનિંગ જોડીમાં જરૂર જોવા મળશે. છેલ્લે તે અફઘાનિસ્તાન સામેની વન-ડે સિરીઝમાં રમ્યો હતો. 24 વર્ષનો આક્રમક અને ભરોસાપાત્ર લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન યશસ્વી જયસ્વાલ હાલમાં ભારતની ટી-20 ટીમમાં નથી એટલે તેનું વેકેશન ચાલી રહ્યું છે અને એમાં સ્વાભાવિક છે કે તે પર્સનલ લાઇફમાં જ વ્યસ્ત હોય, પરંતુ જેમ કોઈ સેલિબ્રિટી વિશે કંઈક અનોખું કે અજુગતું જોવા મળે તો તેની વાતો વાઈરલ થયા વગર રહેતી નથી અને યશસ્વી સાથે પણ આવું જ બન્યું. યશસ્વી જયસ્વાલ થોડા દિવસ પહેલાં બૉલીવૂડ અભિનેત્રી મૃણાલ ઠાકુર સાથે ડિનર પર ગયો એવો વાઈરલ થતાં સોશ્યલ મીડિયામાં તે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે.

**રિલેશનશિપ બાબતમાં કોઇ પુષ્ટિ પણ નથી મળી**

# લગ્નના સવાલ પર ભડકી જાસ્મીન ભસીન

## લોકોએ પોતાના કામથી કામ રાખવું જોઈએ; જ્યારે થવાના હશે ખબર પડી જશે: અભિનેત્રી



મુંબઈ

ટીવી એક્ટ્રેસ જાસ્મિન ભસીન ટૂંક સમયમાં રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી 15' થી નાના પડદા પર વાપસી કરી રહી છે. રોહિત શેટ્ટી દ્વારા હોસ્ટ કરવામાં આવતા આ શોના પ્રીમિયર પહેલા, જાસ્મિને એક ઈન્ટરવ્યુમાં તેના લગ્નની અફવાઓ અને સતત પૂછવામાં આવતા પ્રશ્નો પર સ્પષ્ટ જવાબ આપ્યો છે. લાંબા સમયથી અભિનેતા અલી ગોનીને ડેટ કરી રહેલી જાસ્મિને કહ્યું કે તેના લગ્નથી કોઈને કોઈ લેવાદેવા ન હોવી જોઈએ. ન તો કોઈ કેટરિંગનું બિલ ભરી રહ્યું છે અને ન તો ડેકોરેશનનો ખર્ચ ઉઠાવી રહ્યું છે. પિંકવિલાને આપેલા ઈન્ટરવ્યુમાં જ્યારે જાસ્મિન ભસીનને અલી ગોની સાથે લગ્નની યોજના વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે પોતાની અસહમતિ વ્યક્ત કરી. જાસ્મિને કહ્યું, મને લાગે છે કે કોઈને આનાથી શું લેવાદેવા? ન તો તમારે કેટરિંગનું બિલ ભરવાનું છે અને ન તો લગ્નના ડેકોરેશનનો ખર્ચ ઉઠાવવાનો છે. જ્યારે લગ્ન કરવા હશે, ત્યારે કરી લઈશું. લોકોએ પોતાના કામથી કામ રાખવું જોઈએ. જાસ્મિને આગળ કહ્યું કે જ્યારે પણ લગ્ન થશે, બધાને આપોઆપ ખબર પડી જશે. આ તેમનો અંગત નિર્ણય છે અને બીજા કોઈને તેનાથી પરેશાની ન થવી જોઈએ. 'કદાચ લોકો પોતાના લગ્નથી ખુશ નથી' જાસ્મિને લોકોની આ ઉત્સુકતા પર ચપટી લેતા કહ્યું કે ક્યારેક તેમને આ વાતો પર હસવું આવે છે. તેમણે કહ્યું, 'મને સમજાતું નથી કે લોકો મારી પર્સનલ લાઇફમાં આટલા રસ શા માટે લે છે. કદાચ લોકો પોતાના લગ્નથી ખુશ નથી, તેથી તેમને લાગે છે કે અમે શા માટે ખુશ છીએ, અમારે પણ લગ્ન કરીને પરેશાન થવું જોઈએ.' જાસ્મિને કહ્યું કે કેટલાક લોકોની માનસિકતા એવી હોય છે કે તેઓ વારંવાર આવા સવાલો પૂછીને બીજાને પરેશાન જોવા માંગે છે.

# 'ધૂમ 4' ની વાયરલ ખબરો પર રણબીર કપૂરે તોડ્યું મૌન

## રણબીરના ધૂમ ફ્રેન્ચાઇઝમાં સામેલ થવાના અહેવાલો 2024 થી ચર્ચામાં હતા

મુંબઈ

બોલિવૂડ અભિનેતા રણબીર કપૂર યશ રાજ ફિલ્મ્સની લોકપ્રિય એક્શન ફ્રેન્ચાઈઝ 'ધૂમ 4' નો ભાગ બનશે તેવી અફવાઓ ઘણા સમયથી ચાલી રહી હતી.

જોકે, હવે અભિનેતાએ પોતે આ અહેવાલો પર વિરામ મૂક્યો છે. સાન ડિએગો કોમિક-કોન દરમિયાન પોતાના આગામી પ્રોજેક્ટ્સ અંગે વાત કરતી વખતે રણબીરે સ્પષ્ટ કર્યું છે કે તે હાલમાં 'ધૂમ 4' ફિલ્મ કરી રહ્યો નથી. રણબીરે યશને સુધારીને કરી સ્પષ્ટતા દિગ્દર્શક નિતેશ તિવારી, નિર્માતા નમિત મલ્હોત્રા અને સાઉથ સુપરસ્ટાર યશ સાથે 'રામાયણ' ના પ્રમોશન દરમિયાન રસપ્રદ ઘટના બની હતી. યશે જણાવ્યું કે રણબીર 'ધૂમ 4' માં જોવા મળશે, ત્યારે રણબીરે તરત જ તેમને સુધારીને કહ્યું, "ના, હમણાં હું રામાયણ અને સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વોર' ફિલ્મ પર કામ કરી રહ્યો છું, જે 24 તારીખે રિલીઝ થશે." આ દરમિયાન તેણે 'એનિમલ પાર્ક' નો પણ કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. રણબીરના ધૂમ ફ્રેન્ચાઈઝમાં સામેલ થવાના અહેવાલો 2024 થી ચર્ચામાં હતા. 2023 ની સુપરહિટ ફિલ્મ 'એનિમલ' પછી હેરસ્ટાઈલિસ્ટ આલીમ હાકિમે રણબીરના નવા લુકના ફોટા શેર કર્યા ત્યારે પણ અફવાઓ ઘેરી બની હતી. બાદમાં વિક્કી કૌશલ પણ આ પ્રોજેક્ટમાં જોડાશે તેવા અહેવાલો આવ્યા હતા. જોકે, યશ રાજ ફિલ્મ્સે કાસ્ટિંગ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી ન હતી અને હવે રણબીરે પણ તેનો ઈનકાર કરી દીધો છે. બોલિવૂડ અભિનેતા રણબીર કપૂર યશ રાજ ફિલ્મ્સની લોકપ્રિય એક્શન ફ્રેન્ચાઈઝ 'ધૂમ 4' નો ભાગ બનશે તેવી અફવાઓ ઘણા સમયથી ચાલી રહી હતી. જોકે, હવે અભિનેતાએ પોતે આ અહેવાલો પર વિરામ મૂક્યો છે. સાન ડિએગો કોમિક-કોન દરમિયાન પોતાના આગામી પ્રોજેક્ટ્સ અંગે વાત કરતી વખતે રણબીરે સ્પષ્ટ કર્યું છે કે તે હાલમાં 'ધૂમ 4' ફિલ્મ કરી રહ્યો નથી.






# એક Photoshootએ બદલી નાખ્યું ક્રિતી સેનનું નસીબ

## લાંબી હાઈટ અને આત્મવિશ્વાસથી ભરપૂર ચહેરો જોઈને ફેન્સે તેમને મોડલિંગ કરવાની સલાહ આપી હતી

મુંબઈ

દિલ્હી શહેરે મુંબઈની ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અનેક એવા કલાકારો, ફિલ્મનિર્માતા અને રાઈટર્સ આપ્યા છે. બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા એવા કલાકારો છે જે પોતાનો અભ્યાસ છોડીને અલગ લાઈન પકડીને ફિલ્મ લાઈનમાં આવ્યા છે. માત્ર ફિલ્મ લાઈનમાં આવવાની વાત નથી. બોલિવૂડ ઈન્ડસ્ટ્રી જોઈને કરીને સફળ થતા અને કરોડો રૂપિયાની કમાણી પણ કરી લીધી. દિલ્હીના વતનીઓએ મુંબઈને પોતાની કર્મભૂમિ બનાવી દીધી અને સ્થાયી પણ થઈ ગયા. વિક્કી કૌશલથી લઈને શાહરૂખ ખાન સુધી અનેક એવા કલાકારોની આખી યાદી તૈયાર થઈ શકે એમ છે. પણ એક એવી પણ એક્ટ્રેસ છે જેણે માત્ર એકવાર ફોટોશૂટ કરાવ્યું અને કિસ્મત બદલાઈ ગઈ. સાઉથની ફિલ્મમાં કામ કર્યું મુંબઈ આવ્યા બાદ પણ એની સિનેસફર સરળ ન હતી.મોડલિંગ કર્યું અને સાઉથના સિનેમામાં પણ કામ કરી લીધું. જોઈએ એવી કિક ન લાગી અને ખાસ કોઈ રોલ મળતા ન હતા. શાનદાર સફરની શરૂઆત એક ફોટોશૂટથી થઈ પછી આ એક્ટ્રેસની કિસ્મત બદલી ગઈ. આજે આ એક્ટ્રેસને કોઈ ઓળખાણની જરૂર નથી. વાત છે કૃતિ સેનનની. એક્ટિંગ, એક્સપ્રેશન અને એટીટ્યૂડ એમ ત્રણેયનું કોમ્બિનેશન કૃતિમાં જોવા મળે છે. પોતાની ટેલેન્ટના દમ પર ઈન્ડસ્ટ્રીમાં કૃતિએ મસ્ત જગ્યા બનાવી લીધી છે. ખાસ વાત એ છે કે, એક ફોટશૂટ માટે કૃતિની બહેન નુપૂરે એના ફોટો ક્લિક કર્યા હતા.એ સમયે કોઈ વિચાર્યું નહીં હોય કે, કૃતિ એક દિવસ બોલિવૂડની સક્સેફૂલ દીવા બની જશે. કૃતિના પિતા રાહુલ સેનન એક સી.એ. છે, જ્યારે એમની માતા દિલ્હી યુનિવર્સિટીમાં પ્રોફેસર રહી ચૂકી છે. કૃતિએ નોઈડાની એક ઈન્સ્ટીટ્યૂટમાંથી બીટેક કર્યું છે. કૉલેજમાં હતી એ સમયે વિચાર્યું ન હતું કે તે અભિનેત્રી બનશે. અભ્યાસમાં ખૂબ સારી હતી પણ લાંબી હાઈટ અને આત્મવિશ્વાસથી ભરપૂર ચહેરો જોઈને ફેન્સે તેમને મોડલિંગ કરવાની સલાહ આપી હતી.

# "ઈન્ડિયન આઇડલ 16" ની વિજેતા બની જ્યોતિર્મયી નાયક: મેળવી ટ્રોફી અને રૂ. 20 લાખનું રોકડ ઇનામ



વૉશિંગ્ટન

સોની ટીવીના લોકપ્રિય સિંગિંગ રિયાલિટી શો "ઇન્ડિયન આઇડલ સીઝન 16" ને આખરે તેનો નવો વિજેતા મળી ગયો છે. મહિનાઓની તીવ્ર સ્પર્ધા અને કઠિન ઓડિશન બાદ ઓડિશા સ્થિત ગાયિકા જ્યોતિર્મયી નાયકે "ઇન્ડિયન આઇડલ 16" નો ખિતાબ પોતાના નામે કર્યો છે.

"યાદોં કી પ્લેલિસ્ટ" થીમ પર આધારિત ગ્રાન્ડ ફિનાલેમાં જ્યોતિર્મયીએ 5 અન્ય સ્પર્ધકો–અંશિકા ચોંકર, મનરાજ વીર સિંહ, માયસીમ બાસુ, સુહેલ સૂફી અને તનિષ્ક શુક્લાને પાછળ છોડીને આ ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. વિજેતા તરીકે તેને ચમકતી ટ્રોફી, રૂ. 20 લાખનું રોકડ ઈનામ અને સોની ટીવી તરફથી મ્યુઝિક કોન્સર્ટ માટે ગાયનનો કરાર મળ્યો છે. ફિનાલેમાં જાદુઈ પરફોર્મન્સ ગ્રાન્ડ ફિનાલેની સાંજે જ્યોતિર્મયીએ "સૈયાં ઓ સૈયાં" ગીત ગાઈને નિર્ણાયકો અને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ સીઝન દરમિયાન તેણે અનેક બોલિવૂડ હસ્તીઓનું દિલ જીત્યું હતું. અભિનેત્રી હેમા માલિનીએ તેના ગીત "ઓ જબ તક હૈ જાન" માટે સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું, જ્યારે લીના ચંદાવરકરે તેના ગીત "જાને ક્યું લોગ મોહબ્બત કિયા કરતા હૈ" થી પ્રભાવિત થઈને તેને ફરીથી સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ઓડિયા સંગીત ઉદ્યોગમાં ઓળખ ધરાવતી જ્યોતિર્મયી એક ગાયિકા હોવાની સાથે કેન્સરના દર્દીઓ માટે ગાઈને તેમને "સંગીત ઉપચાર" પણ આપતી હતી. ખિતાબ જીત્યા બાદ ભાવુક થયેલી જ્યોતિર્મયીએ જણાવ્યું હતું કે, "ઈન્ડિયન આઈડલ 16 નો ખિતાબ જીતવો એ એક સ્વપ્ન સમાન છે. ફક્ત એક સ્વપ્ન સાથે ઓડિશન આપવાથી લઈને વિજેતા બનવા સુધીની આ સફરે મારું જીવન બદલી નાખ્યું છે. આ ટ્રોફી મને સપોર્ટ કરનાર દરેક વ્યક્તિની છે."

### વૈભવ 'પ્લેયર ઑફ ધ સીરિઝ' બનનાર સૌથી યુવા ખેલાડી પણ બન્યો

# વૈભવ સૂર્યવંશીએ તોડ્યા 5 મોટા વર્લ્ડ રૅકોર્ડ, તેંડુલકર પણ પાછળ છૂટ્યા

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)માં રાજસ્થાન રોયલ્સ તરફથી ધમાકેદાર પ્રદર્શન કરનાર બિહારના લાલ અને ભારતીય ક્રિકેટના વન્ડરકિડ વૈભવ સૂર્યવંશીએ હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ પોતાનો ડંકો વગાડ્યો છે. ઝિમ્બાબ્વે સામે રમાયેલી 3 મેચોની T20I સીરિઝમાં આ 15 વર્ષીય બેટ્સમેને પોતાની વિસ્ફોટક બેટિંગથી રનોનો અંબાર લગાવી દીધો છે. સમગ્ર સીરિઝ દરમિયાન વૈભવે 196.10ના સ્ટ્રાઈક રેટથી 151 રન ફટકાર્યા હતા, જેના કારણે ભારત આ સીરિઝ 3-0થી ક્લીન સ્વીપ કરવામાં સફળ રહ્યું હતું. આ શાનદાર પ્રદર્શનના જોરે વૈભવે ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકર સહિતના દિગ્ગજોના વર્ષો જૂના ઐતિહાસિક રૅકોર્ડ્સ ધ્વસ્ત કરી દીધા છે. ઈંગ્લેન્ડ સામેની ડેબ્યુ સીરિઝમાં ફ્લોપ રહ્યા બાદ વિવેચકોના નિશાના પર આવેલા વૈભવે ઝિમ્બાબ્વે




સામેની સીરિઝમાં મેન ઑફ ધ સીરિઝનો ઍવૉર્ડ જીતીને ટીકાકારોને સણસણતો જવાબ આપ્યો છે. સીરિઝ દરમિયાન આ યુવા સન્સેશને બનાવેલા 5 મોટા રૅકોર્ડ્સ નીચે મુજબ છે: 1. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી નાની ઉંમરે અડધી સદી: ઝિમ્બાબ્વે સામેની પ્રથમ T20 મેચમાં વૈભવ સૂર્યવંશીએ માત્ર 18 બોલમાં તોફાની અડધી સદી ફટકારી હતી. માત્ર 15 વર્ષ અને 118 દિવસની ઉંમરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પચાસ રન પૂરા કરીને તેણે નેપાળના કુશલ મલ્લા(15 વર્ષ 340 દિવસ)નો રૅકોર્ડ તોડી વિશ્વમાં સૌથી નાની ઉંમરે હાફ સેન્ચુરી ફટકારવાનો વર્લ્ડ રૅકોર્ડ પોતાના નામે કર્યો છે. 2. 16 વર્ષની ઉંમર પહેલા 2 અડધી સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન: સીરિઝની ત્રીજી અને અંતિમ T20 મેચમાં વૈભવે ફરી એકવાર 49 બોલમાં 81 રનની આક્રમક ઈનિંગ રમી હતી. આ સાથે તે આંતરરાષ્ટ્રીય પુરુષ ક્રિકેટના ઈતિહાસમાં પોતાની ઉંમરના 16 વર્ષ પૂર્ણ કરતાં પહેલા બે વખત 50 કે તેથી વધુ રન બનાવનાર વિશ્વનો સૌપ્રથમ બેટ્સમેન બની ગયો છે. 3. સચિન તેંડુલકરનો 37 વર્ષ જૂનો રૅકોર્ડ ધ્વસ્ત: વૈભવે ભારત માટે સૌથી નાની ઉંમરે આંતરરાષ્ટ્રીય અડધી સદી ફટકારવાનો સચિન તેંડુલકરનો લગભગ ચાર દાયકા જૂનો રૅકોર્ડ તોડી નાખ્યો છે.

## કેપ્ટન શ્રેયસ અય્યરે ધોનીની પરંપરા જાળવી

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમે ઝિમ્બાબ્વે સામેની છેલ્લી અને નિર્ણાયક મેચમાં 35 રનથી શાનદાર જીત મેળવીને 3 મેચોની T20I શ્રેણી 3-0થી પોતાના નામે કરી લીધી છે. હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી આ મેચમાં પ્રવાસી ભારતીય ટીમે યજમાન ઝિમ્બાબ્વે સામે 193 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો, જેની સામે ઝિમ્બાબ્વેની ટીમ 20 ઓવરમાં 7 વિકેટે 157 રન જ બનાવી શકી હતી. આ ક્લીન સ્વીપ બાદ મેદાન પર ટીમ ઈન્ડિયાએ ભારે ઉત્સાહ સાથે જીતની ઉજવણી કરી હતી. જોકે, આ સેલિબ્રેશન દરમિયાન સૌથી વધુ ચર્ચા કેપ્ટન શ્રેયસ અય્યરના એક પ્રશંસનીય પગલાની થઈ રહી છે, જેણે તમામ ક્રિકેટપ્રેમીઓનાં દિલ જીતી લીધાં છે. ધોનીની ઐતિહાસિક પરંપરાને રાખી જીવંત મેચ પૂરી થયા બાદ જ્યારે કેપ્ટન શ્રેયસ અય્યરને વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી, ત્યારે તેણે ટ્રોફી પોતાની પાસે રાખવાને બદલે ટીમમાં સામેલ બે યુવા ખેલાડીઓ અશોક શર્મા અને વૈભવ સૂર્યવંશીને હાથમાં સોંપી દીધી હતી. ભારતીય ક્રિકેટમાં આ એક અત્યંત સુંદર અને ભાવનાત્મક પરંપરા છે, જેની શરૂઆત પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ કરી હતી. ધોની હંમેશાં કોઈ પણ મોટી સીરિઝ કે ટૂર્નામેન્ટ જીત્યા બાદ ટ્રોફી ટીમના સૌથી યુવા અથવા ડેબ્યૂ કરનારા ખેલાડીઓને સોંપી દેતા હતા, જેથી તે ખેલાડીઓનો આત્મવિશ્વાસ વધે અને તેઓ ટીમમાં પોતાની ભૂમિકાને મહત્ત્વની સમજી શકે. ધોની બાદ વિરાટ કોહલી, રોહિત શર્મા, હાર્દિક પંડ્યા, કેએલ રાહુલ અને સૂર્યકુમાર યાદવે પણ આ રીત અપનાવી હતી અને હવે શ્રેયસ અય્યરે આ પરંપરાને આગળ ધપાવી છે.

### 190 કિલો વજન ઉઠાવ્યું, સતત ત્રીજી વખત ચેમ્પિયન બન્યાં

## મીરાબાઈ ચાનુએ ભારતને કોમનવેલ્થ ગેમ્સનો પહેલો ગોલ્ડ અપાવ્યો

ગ્લાસગો

મીરાબાઈ ચાનુએ કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો છે. તેમણે વુમન્સ વેઈટલિફ્ટિંગની 48 કિલો વજન કેમાં કુલ 190 કિલો વજન ઉઠાવ્યું. ભારતીય વેઈટલિફ્ટરે સ્નેચમાં 85 કિલો અને ક્લીન એન્ડ જર્કમાં 105 કિલો વજન ઉઠાવ્યું. મીરાબાઈનો આ સતત ત્રીજો કોમનવેલ્થ ગોલ્ડ છે. તેમણે 2018ના ગોલ્ડકોસ્ટ અને 2022ના બર્મિંગહામ ગેમ્સમાં પણ ગોલ્ડ જીત્યો હતો. તેઓ ગ્લાસગો ગેમ્સ 2014માં સિલ્વર પણ જીતી ચૂક્યા છે. રવિવારે જ



ઋષિકાંત સિંહે મેન્સ 60 kg અને રાજા મુથુપાંડીએ મેન્સ 65 kg વજન કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યા. ઋષિકાંતે 264 kg (121+143) અને રાજાએ 286 kg (126+160) વજન ઉઠાવ્યું. ઝંડુ કુમારે શુક્રવારે પેરા પાવરલિફ્ટિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ગ્લાસગો ગેમ્સમાં ભારતના હવે 4 મેડલ (1 ગોલ્ડ, 2 સિલ્વર અને 1 બ્રોન્ઝ) થઈ ગયા છે. ભારત મેડલ ટેલીમાં આઠમા સ્થાને છે. ઓસ્ટ્રેલિયા 17 ગોલ્ડ સહિત 39 મેડલ સાથે ટોચ પર છે. ટોકિયો ઓલિમ્પિકની સિલ્વર મેડલિસ્ટ મીરાબાઈ સ્નેચના પહેલા પ્રયાસમાં 82 કિલો વજન ઉઠાવી શક્યા નહીં. ત્યારબાદ તેમણે બીજા પ્રયાસમાં 82 અને ત્રીજા પ્રયાસમાં 85 કિલો વજન ઉઠાવીને કોમનવેલ્થ રેકોર્ડ બનાવ્યો. મીરાબાઈ ચાનુ ક્લીન એન્ડ જર્કમાં પણ પહેલો પ્રયાસ ચૂકી ગયાં. તેમણે બીજા પ્રયાસમાં 105 કિલો વજન ઉઠાવીને ગોલ્ડ પોતાના નામે કર્યો.

# સેમસન સાથે અન્યાય અને અભિષેકને 'મોકે પે મોકા'

## સેમસન સાથે અન્યાય અને પક્ષપાત ભારતીય ડ્રેસિંગ રૂમનું મનોબળ તોડે છે

મુંબઈ

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાયેલી 3 મેચોની T20I શ્રેણી ભલે ભારતે 3-0થી ક્લીન સ્વીપ કરીને જીતી લીધી હોય, પરંતુ ટીમ ઈન્ડિયાની પસંદગી પ્રક્રિયા ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી ગઈ છે. ટૂર્નામેન્ટ પૂરી થયા બાદ ક્રિકેટ પંડિતો અને સોશિયલ મીડિયા પર ફેન્સનો પારો સાતમા આસમાને પહોંચ્યો છે. આ વિવાદનું મુખ્ય કારણ વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસન સાથે થઈ રહેલો કથિત અન્યાય અને કમજોર ફોર્મમાં હોવા છતાં યુવા ઓપનર અભિષેક શર્માને મળી રહેલી સતત તકો છે. ટીમ મેનેજમેન્ટના આ બેવડા ધોરણો જોઈને ક્રિકેટ એક્સપર્ટ્સ ભારે ગુસ્સામાં જોવા




મળી રહ્યા છે. 'એક ખેલાડી માટે અલગ નિયમ અને સેમસન માટે અલગ કેમ?' - એક્સપર્ટ્સનો આક્રોશ ટીમ પસંદગીના આ પક્ષપાત પર લાલ આંખ કરતાં ક્રિકેટ નિષ્ણાતોએ મેનેજમેન્ટની આકરી આલોચના કરી છે. એક આ વિશે શ્રીકાંતે યૂટ્યુબ ચેનલ પર કહ્યું કે, 'જો અભિષેક શર્મા જેવા યુવા ખેલાડીને સતત ફ્લોપ જવા છતાં પોતાની જાતને સાબિત કરવા માટે પૂરી શ્રેણીની તમામ 3 મેચો મળી શકતી હોય, તો સંજુ સેમસન જેવા સાબિત થયેલા મેચ-વિનરને માત્ર 1 મેચ આપીને કેમ બહાર બેસાડી દેવામાં આવે છે? આ પ્રકારનું પક્ષપાતી વલણ સિનિયર ખેલાડીઓનું મનોબળ તોડી નાખે છે અને ભારતીય ડ્રેસિંગ રૂમના માહોલને નુકસાન પહોંચાડે છે.' નિષ્ણાતોનું માનવું છે કે ટીમમાં સ્થાન મેળવવાના નિયમો બધા માટે સમાન હોવા જોઈએ. જો આંકડાઓ પર નજર કરીએ તો, ઝિમ્બાબ્વે સામેની આ T20I શ્રેણીમાં ઓપનર અભિષેક શર્માને પોતાની તાકાત બતાવવાની સુવર્ણ તક મળી હતી.

પરંતુ તે 3 મેચોની આ આખી સીરિઝમાં રન બનાવવા માટે ઝઝૂમતો જોવા મળ્યો હતો. તેણે ફક્ત 11 રન બનાવ્યા છે. પારવપ્લેમાં ટીમ ઈન્ડિયાને મજબૂત શરૂઆત અપાવવામાં તે સદંતર નિષ્ફળ રહ્યો હતો અને કમજોર શૉટ્સ રમીને સસ્તામાં આઉટ થઈ ગયો હતો. આમ છતાં, કેપ્ટન અને કોચે તેને ડ્રોપ કરવાને બદલે ત્રણેય મેચોની પ્લેઈંગ 11માં જાળવી રાખ્યો હતો, જે બાબતે ફેન્સને નારાજ કર્યા છે. બીજી તરફ, વર્લ્ડ કપના MVP સંજુ સેમસનની વાર્તા હંમેશાની જેમ જ અન્યાયી રહી છે. શ્રેણીની શરૂઆતની 2 મેચોમાં સેમસનને પ્લેઈંગ 11માંથી બહાર રાખવામાં આવ્યા હતા.



### ખાતા નંબરથી માંડી આધાર-મોબાઈલ ડેટા ચોરીનો દાવો

# બૅન્ક ઑફ બરોડાના ગ્રાહકોનો ડેટા લીક!

મુંબઈ

ભારતની અગ્રણી સરકારી બૅંકોમાંની એક એવી બૅંક ઑફ બરોડા ફરી એકવાર સુરક્ષા ખામી અને ગ્રાહકોની સુરક્ષાને લઈને વિવાદોના ઘેરાવમાં આવી છે. સાયબર સિક્યોરિટી અને ડાર્ક વેબ મોનિટરિંગ એજન્સીઓના રિપોર્ટ્સ અનુસાર, ડાર્ક વેબ પર બૅંક ઑફ બરોડાના લાખો ગ્રાહકોના ગોપનીય ડેટા લીક થયાનો એક સનસનાટીભર્યો દાવો કરવામાં આવ્યો છે. એક અજ્ઞાત હેકર જૂથ દ્વારા આ ડેટાબેઝ ઓનલાઈન ફોરમ પર વેચાણ માટે મૂકવામાં આવ્યો હોવાના અહેવાલોથી બૅંકિંગ ક્ષેત્ર સહિત કરોડો ગ્રાહકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. રિપોર્ટ અનુસાર, હેકર્સ દ્વારા લીક કરવામાં આવેલા ડેટામાં ગ્રાહકોની અત્યંત માટે મોટું આર્થિક જોખમ ઊભું કરે છે. લીક થયેલા ડેટામાં કઈ માહિતી



સંવેદનશીલ વિગતો સામેલ હોવાની આશંકા છે. સાયબર ક્રિમિનલ્સ આ ડેટાનો ઉપયોગ નાણાકીય છેતરપિંડી અને ફિશિંગ એટેક માટે કરી શકે છે, જે ગ્રાહકો સામેલ હોવાનો દાવો? સાયબર સુરક્ષા સંશોધકોના જણાવ્યા પ્રમાણે, ડાર્ક વેબ પર વેચાણ માટે ઉપલબ્ધ ડેટાબેઝમાં ગ્રાહકોના નામ, મોબાઈલ નંબર, રહેણાંક સરનામા, ઈમેઈલ આઈડી તેમજ બૅંક એકાઉન્ટ નંબર અને કેટલીક નાણાકીય લેવડદેવડની વિગતો સામેલ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, બૅંક દ્વારા ગ્રાહકોના લોગિન પાસવર્ડ કે ડેબિટ/ક્રેડિટ કાર્ડના CVV જેવા અતિ-ગોપનીય ડેટા સુરક્ષિત છે કે નહીં, તે અંગે સત્તાવાર ચિત્ર હજુ સ્પષ્ટ થવાનું બાકી છે. આ ગંભીર દાવો સોશિયલ મીડિયા અને ટેક વર્લ્ડમાં વાયરલ થયા બાદ બૅંક ઑફ બરોડાના સત્તાવાળાઓ તાત્કાલિક એક્શનમાં આવ્યા છે. બૅંકે તેના પ્રાથમિક નિવેદનમાં જણાવ્યું છે કે, તેઓ આ પ્રકારના અહેવાલો અને દાવાઓની ગંભીરતાથી તપાસ કરી રહ્યા છે.

### કંપનીએ પાછો મગાવ્યો માલ, શેરમાં કડાકો

# પતંજલિના લોટમાં કીટનાશક મળી આવતા હડકંપ મચ્યો

### કંપનીએ અસરગ્રસ્ત જથ્થાની વિગતો જણાવી નથી, પરંતુ આર્થિક અસર ઓછી રહેશે તેમ જણાવ્યું છે

મુંબઈ

બાબા રામદેવની પતંજલિ ફૂડ્સે પોતાના એક બ્રાન્ડેડ ઘઉંના લોટના જથ્થાને પરત લેવાનો (Recall) આદેશ આપ્યો છે. કંપનીએ સ્ટોક એક્સચેન્જને આપેલી માહિતીમાં જણાવ્યું કે, આ પગલું એટલા માટે ઉઠાવવામાં આવ્યું છે, કારણ કે તપાસમાં આ લોટમાં જંતુનાશકની માત્રા નક્કી કરેલી સીમા કરતાં વધુ મળી આવી છે.

આ આદેશ કેરળના કોટ્ટાયમમાં ખાદ્ય સુરક્ષા મદદનીશ કમિશનરની કચેરી તરફથી જારી કરવામાં આવ્યો હતો. વાસ્તવમાં આ જથ્થામાં ક્લોરપાયરીફોસ નામક જંતુનાશકનો અંશ નક્કી કરેલી લિમિટ કરતાં ઘણો વધારે નીકળ્યો, ત્યારબાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. કંપનીએ આ નથી જણાવ્યું રિકોલનો આદેશ 20 જુલાઈના રોજ જારી થયો હતો અને પતંજલિ ફૂડ્સને આ 24 જુલાઈના રોજ મળ્યો હતો. કંપનીએ એ સ્પષ્ટ નથી કર્યું કે, આ પ્રભાવિત જથ્થાનો બેચ નંબર શું છે, કેટલી માત્રામાં લોટ



પ્રભાવિત થયો છે અને આ લોટ કયા બજારોમાં વેચવામાં આવ્યો હતો. જોકે, પતંજલિ ફૂડ્સે એ પણ કહ્યું છે કે, આ રિકોલની તેમની આર્થિક કે પરિચાલન પ્રવૃત્તિઓ પર કોઈ મોટી અસર નહીં પડે, સિવાય કે તે પ્રભાવત જથ્થાના મૂલ્યની, જેને પરત મંગાવવામાં આવી રહ્યો છે. એટલે કે એવું માનવામાં આવી રહ્યું છે કે, આ ઘટના તેમના કારોબાર માટે કોઈ મોટો પડકાર નહીં બને. પતંજલિ ફૂડ્સ માટે આ વર્ષ સારું નથી જઈ રહ્યું, ખાસ કરીને તેના શેરોમાં રોકાણ કરનારા રોકાણકારો માટે. પતંજલિ ફૂડ્સના શેર આ વર્ષે અત્યાર સુધીમાં 37%થી વધુ તૂટી ચૂક્યા છે. આ 552 રૂપિયાથી હવે 344 રૂપિયાની આસપાસ આવી ગયો છે. બજારમાં કંપનીના શેરની વાત કરીએ તો લોટના જથ્થાને માર્કેટમાંથી પાછો ખેંચવાની માહિતી મળ્યા બાદ પતંજલિ ફૂડ્સનો શેર આજે સવારે 10:15 વાગ્યાની આસપાસ 1%થી ઉપર વધીને 344.50 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો હતો. 15 જુલાઈએ શેર ક્રેશ થયો હતો. 27 જુલાઈ સોમવારે શરૂઆતી કારોબારમાં પતંજલિ ફૂડ્સના શેર 341 રૂપિયા પ્રતિ શેર પર ટ્રેડ કરી રહ્યા હતા. જોકે, છેલ્લા કેટલાક સપ્તાહમાં શેરનું પ્રદર્શન બહુ સારું રહ્યું નથી. ગત 15 જુલાઈના રોજ જ કંપનીના શેરમાં જાન્યુઆરી 2020 પછી એક જ દિવસમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો, જ્યારે તે લગભગ 20% સુધી ગગડી ગયો હતો.

### નાના રિટેલરોને મોટાપાયે નુકસાન પહોંચવાનો કરાયેલો દાવો

# કર્મચારીઓનું ટાઇમ ટ્રેકિંગ ભારે પડ્યું, ઇન્ફોસીસને ફ્રાન્સમાં જંગી દંડ ફટકારાયો

મુંબઈ

ભારતની મોટી IT કંપની ઈન્ફોસીસને ફ્રાન્સમાં કર્મચારીઓનું ટાઈમ ટ્રેકિંગ કરવું ભારે પડ્યું છે. આ મામલે ફ્રાન્સની સરકારી લેબર ઑથોરિટીએ ઈન્ફોસીસને 1,75,000 યૂરો(લગભગ 2 કરોડ રૂપિયા)નો દંડ ફટકાર્યો છે. વાસ્તવમાં કંપની કર્મચારીઓના કામના કલાકોનો રૅકોર્ડ રાખતી સિસ્ટમનો ઉપયોગ કરતી હતી, જેના કારણે આ કાર્યવાહી કરવામાં આવી છે. કર્મચારીઓના હિતો માટે યુરોપમાં કડક કાયદા યુરોપમાં કર્મચારીઓના હિતોને લઈને કડક કાયદાઓ છે. ત્યાં કોઈપણ કંપની કર્મચારીઓ માટે નક્કી કરાયેલા સમયથી વધુ કામ કરાવી શકતી નથી અને જો વધુ કામ કરાવે તો વધારાની રકમ ચૂકવવી પડે છે. એટલું જ




નહીં, જો કર્મચારી નક્કી કરાયેલો સમય પૂર્ણ થયા બાદ કામ કરવાનો ઈન્કાર કરે તો કંપની દબાણ પણ કરી શકતી નથી અને જો દબાણ કરવામાં આવે તો યુરોપમાં કંપનીને દંડ ફટકારવામાં આવે છે. ફ્રાન્સના અધિકારીઓએ કહ્યું કે, ઈન્ફોસીસની ટાઈમ ટ્રેકિંગ સિસ્ટમ દેશના નિયમો મુજબ નથી. બીજીતરફ કંપનીએ કહ્યું કે, દંડના કારણે કંપનીના કારોબાર કે નાણાંકીય સ્થિતિ પર કોઈ મોટી અસર પડવાની નથી. ઈન્ફોસીસે શેરબજારને માહિતી આપી કહ્યું છે કે, ફ્રાન્સની સરકારી લેબર ઑથોરિટીએ અમારી કંપનીને દંડ ફટકારતી નોટિસ મોકલી છે. આ નોટિસ કર્મચારીઓના કામના કલાકોનો રૅકોર્ડ રાખતી સિસ્ટમ સાથે સંકળાયેલી છે. અધિકારીઓ તપાસ કરતાં સામે આવ્યું કે, સિસ્ટમ કાયદાની કેટલીક શરતો પૂરી કરી રહી નથી. ઈન્ફોસીસની સિસ્ટમમાં ખામી : ફ્રાન્સીસી ઑથોરિટી. રિપોર્ટ મુજબ, ફ્રાન્સીસી ઓથોરિટીએ કહ્યું કે, ઈન્ફોસિસની સિસ્ટમમાં વિશ્વસનીયતા, રૅકોર્ડની તપાસ અને કર્મચારીઓના કામના કલાકોની યોગ્ય દેખરેખમાં ખામી હતી.

# સેન્સેક્સ 776 અંક વધીને 76,836 પર બંધ

- **નિફ્ટી 229 અંક ઉપર 23,996 પર પહોંચ્યો, રિયલ્ટી અને IT શેર્સમાં વધુ ખરીદી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 27 જુલાઈના રોજ વધારો જોવા મળ્યો. સેન્સેક્સ 776 પોઈન્ટના વધારા સાથે 76,836 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 229 પોઈન્ટનો વધારો રહ્યો, તે 23,996 પર બંધ થયો. ઓટો, રિયલ્ટી, IT



અને મીડિયા શેરોમાં વધુ ખરીદી જોવા મળી. બ્રેન્ટ ક્રૂડના ભાવમાં આજે લગભગ 4%નો ઘટાડો છે. તે આજે 93 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ ઘટવાને કારણે ભાવમાં ઘટાડો થયો છે.

જોકે, નિષ્ણાતોનું માનવું છે કે જો અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ફરી તણાવ વધશે, તો તેલની કિંમતો 120 ડોલર પ્રતિ બેરલ સુધી જઈ શકે છે. તેની અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર જોવા મળી શકે છે. આ પહેલા 24 જુલાઈએ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 331 પોઈન્ટના ઘટાડા સાથે 76,059 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 102 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, તે 23,767 ના સ્તરે બંધ થયો હતો.

## વિધાનસભા ચૂંટણી પહેલા 10 હજાર ફ્લેટ બનાવવામાં આવશે

# અમદાવાદમાં આવાસના મકાન ભાડે આપશો તો ઘર જપ્ત થશે: મકાન 90 દિવસ સુધી સીલ કરી દેવાશે



### જો 90 દિવસ બાદ ફરીથી ભાડે આપેલું પકડાશે તો 1 લાખ દંડ કરવામાં આવશે અને ત્રીજી વખત પકડાશે તો સીટી સિવિલ કોર્ટમાં દસ્તાવેજ રદ કરાવવામાં આવશે

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં LIG(લો ઈન્કમ ગ્રુપ) અને EWS(ઈકોનોમિકર વીક સેક્શન) આવાસ યોજના મકાનો 7 વર્ષ સુધી ભાડે આપી શકાતા નથી. તેમ છતાં પણ જો મકાન માલિકો દ્વારા મકાનો ભાડે આપ્યા હોય તો હવે મકાન 90 દિવસ સુધી સીલ કરી દેવાશે અને ઓછામાં ઓછામાં રૂ. 50 હજાર દંડ વસૂલ કરવામાં આવશે. જો 90 દિવસ બાદ ફરીથી ભાડે આપેલું પકડાશે તો 1 લાખ દંડ કરવામાં આવશે અને ત્રીજી વખત પકડાશે તો સીટી સિવિલ કોર્ટમાં દસ્તાવેજ રદ કરાવવામાં આવશે.

આ અંગે હાઉસિંગ કમિટીના ચેરમેન દર્શન શાહે જણાવ્યું હતું કે અમદાવાદમાં EWS અને LIG પ્રકારના મકાનો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવી ડ્રો મારફતે લાભાર્થીઓને ફાળવવામાં આવે છે. 7 વર્ષ સુધી મકાનો ભાડે આપી શકાતા ન હોવા છતાં કેટલાંક લાભાર્થી મકાનો ભાડે આપી દેતા હોય છે. જેથી ખરેખર લાભાર્થીને બદલે બીજા લોકો રહેતા હોય છે. જેના પગલે 27 જુલાઈના રોજ મળેલી હાઉસિંગ કમિટીમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

13 જુલાઈ, 2026ના રોજ AMC દ્વારા ફાળવવામાં આવેલા આવાસોમાં ગેરકાયદેસર કબજો જમાવનારાઓ સામે AMCના ઈતિહાસમાં પ્રથમ વખત ગેરકાયદેસર કબજો કરનાર વ્યક્તિ વિરુદ્ધ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ઓક્ટોબર 2025માં જરુરિયાતમંદ લોકો માટે 10 હજારથી વધુ ફ્લેટ બનાવવાનો નિર્ણય કર્યો હતો. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં આર્થિક રીતે નબળા વર્ગ(EWS)ના લોકો માટે પ્રતિ મકાન 7 લાખ, LIG (લો ઈન્કમ ગ્રુપ) પ્રકારના 2BHK મકાન રૂ. 28થી 30 લાખમાં મળશે. જ્યાં મોટા પ્રમાણમાં વિસ્તાર અને જર્જરીત મકાનો થઈ ગયા હોય ત્યાં રીડેવલોપમેન્ટ કરવામાં આવશે.

## કાલુપુરના રેવડી બજારના

# સિંધી માર્કેટમાંથી ચાલુ વરસાદે 20 લાખથી મત્તા પર હાથ ફેરો..

**અમદાવાદ**

અમદાવાદના કાલુપુર રેવડી બજાર સિંધી માર્કેટમાં વરસાદ દરમિયાન કપડાની દુકાનમાંથી 20 લાખની રોકડ ચોરાઈ હતી. પોલીસે ગણતરીના કલાકોમાં CCTV ફૂટેજના આધારે સાબીર શેખ નામના યુવકને કાલુપુર રેલવે સ્ટેશન પાસેથી 14 લાખ રોકડ સાથે ઝડપી પાડ્યો. આરોપી સાબીર શેખે દુકાન માલિક જીતુ વાધવાણીની દુકાનમાં રૂમાલ લેવા આવતા તિજોરીમાં રોકડ રાખવાની જાણ થતા વરસાદનો લાભ લઈ ચોરી કરી હતી.

શહેરના કાલુપુર રેવડી બજાર સિંધી માર્કેટમાં ધોધમાર વરસાદ આવતો હતો.

તે સમયે 20 લાખની રોકડની ચોરી થઇ હતી. આ અંગે ડીસીપી ઝોન-3 સ્ક્વોડ દ્વારા સીસીટીવી ફુટેજના આધારે ગણતરીના સમયમાં રોકડની ચોરી કરનાર યુવકની ધરપકડ કરી હતી.

કુબેરનગરમાં આવેલા રાધે ફ્લેટમાં રહેતા જીતુ વાધવાણી કાલુપુર રેવડી બજાર સિંધી માર્કેટમાં કપડાની દુકાન ધરાવે છે. ગત ૨૪મી તારીખે સાંજના સમયે નિત્યક્રમ મુજબ દુકાન બંધ કરીને ગયા હતા. સવારે તેમને કોલ આવ્યો હતો કે તેમની દુકાનનું શટર તુટેલું છે. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તિજોરીમાં રહેલા તેમજ ઉઘરાણીના કુલ મળીને ૨૦ લાખની રોકડ ગાયબ હતી. આ અંગે કાલુપુર પોલીસ મથકે ફરિયાદ



નોંધવામાં આવતા ડીસીપી ઝોન-3 સ્ક્વોડના પીએસઆઈ વી એચ રાઠોડે તપાસ કરતા સીસીટીવીના આધારે તપાસ કરતા એક શંકાસ્પદ યુવક રેઈન કોટ પહેરીને કોમ્પ્લેક્સની બહાર જતો જોવા મળ્યો હતો અને પોલીસે સાબીર શેખ (રહે.કાલુપુર)ને કાલુપુર રેલવે સ્ટેશન પાસેથી તેને 14 લાખની રોકડ સાથે ઝડપી લીધો હતો.

## 1.60 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

# નારોલ પોલીસે 2 KGથી વધુ ગાંજાના જથ્થા સાથે બે શખ્સોને ઝબ્બે કર્યા...

### સૂચનાના આધારે નારોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર જે.બી. અગ્રાવતના સીધા સુપરવિઝનમાં પોલીસે સફળ કામગીરી પાર પાડી

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં નશીલા પદાર્થોની હેરાફેરી અને એન.ડી.પી.એસ.ની પ્રવૃત્તિઓ પર લગામ લગાવવા માટે પોલીસ કમિશનર, સંયુક્ત પોલીસ કમિશનર (સેક્ટર-૨), નાયબ પોલીસ કમિશનર (ઝોન-૬) અને મદદનીશ પોલીસ કમિશનર ('કે' ડિવિઝન) દ્વારા ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે નારોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર જે.બી. અગ્રાવત સાહેબના સીધા સુપરવિઝનમાં પોલીસે એક સફળ કામગીરી પાર પાડી છે. પોલીસ ટીમના આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર નાગજીભાઈ કીરીટભાઈ (બ.નં-૯૬૮૯)ને મળેલ ખાસ ખાનગી બાતમીના આધારે નારોલ સર્કલ પાસે આવેલા એ.એમ.ટી.એસ. બસ સ્ટોપ પાસે જાહેર રોડ પર દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાંથી પસાર થતી એક ઓટો રિક્ષા (નંબર GJ-27-WA-5996) ને રોકીને તપાસ કરતા તેમાંથી બે શખ્સો ઝડપાઈ ગયા હતા.



ઝડપાયેલા આરોપીઓની ઓળખ: ૧. રિયાઝુદ્દીન ખુદાબક્ષ કાઝી (ઉંમર વર્ષ ૬૩, રહે. એ/૧૦૫ સુફીયાન ફ્લેટ, ચાંદની ફ્લેટ પાસે, મીટરવાળી ગલી, ફતેવાડી કેનાલ, અમદાવાદ) ૨. સમીર ઉર્ફે પાંગો સલીમભાઈ શેખ (ઉંમર વર્ષ ૨૬, રહે. મ.નં-૭૩ ઝિન્નત રેસિડેન્સી વિભાગ-૨, મીટરવાળી ગલી, ફતેવાડી કેનાલ, અમદાવાદ) પોલીસે આરોપીઓ પાસેથી ૨ કિલો ૧૦ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો (કિંમત રૂ. ૧,૦૦,૫૦૦/-), એક સીએનજી ઓટો રિક્ષા (કિંમત રૂ. ૫૦,૦૦૦/-) અને ૨ નંગ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦/-) મળીને એકંદરે રૂ. ૧,૬૦,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. નારોલ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(બી) અને ૨૯ મુજબ ગુનો (ગુ.ર.નં-૧૧૧૯૧૦૬૫૨૬૦૭૪૩/૨૦૨૬) નોંધવામાં આવ્યો છે. એન.ડી.પી.એસ.નો આ ગણનાપાત્ર કેસ શોધી કાઢીને નારોલ પોલીસે પ્રશંસનીય કામગીરી કરી છે.

# વટવામાં પોલીસે 200 CCTV ખંગાળી ગુમ બાળકને શોધી કાઢ્યો, વલસાડથી મળ્યો

**અમદાવાદ**

અમદાવાદના વટવામાંથી ગુમ થયેલ 10 વર્ષનો બાળક મુંબઈ જતી ટ્રેનમાંથી વલસાડ રેલવે સ્ટેશનેથી હેમખેમ મળી આવ્યો. વટવા પોલીસે 200થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસી, બાળક કાલુપુરથી ટ્રેનમાં બેઠો હોવાનું શોધી કાઢ્યું. પોલીસની આઠ સભ્યોની ટીમે ત્વરિત કાર્યવાહી કરી બાળકને તેના માતા-પિતાને સુપરત કર્યો. બાળક ઘરેથી કેમ નીકળ્યો તે અંગે પોલીસ કાઉન્સેલિંગ કરશે. અમદાવાદના વટવાના સરતાજનગરમાં રહેતા પરિવારનો 10 વર્ષનો પુત્ર શુક્રવારે ઘરેથી કહ્યા વિના ગુમ થઇ ગયો હતો. જે અંગે કલાકો સુધી તપાસ કરતા બાળકની ભાળ ન મળતા વટવા પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી. જેના આધારે બાળકના ઘરેથી કાલુપુર રેલવે સ્ટેશન સુધીના રસ્તા પર પોલીસે 200થી વધુ સીસીટીવી ફુટેજ તપાસતા બાળક મુબઇ જતી ટ્રેનમાં બેસી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ટ્રેનને ટ્રેક કરતા તે વલસાડ રેલવે સ્ટેશન પર પહોચવાની તૈયારી હોવાથી રેલવે પોલીસનું સંકલન કરીને ટ્રેન વલસાડ પહોંચી ત્યારે બાળકને ટ્રેનમાંથી શોધીને સલામત રીતે પરત અમદાવાદ લાવીને તેના માતા પિતાને પરત સોંપવામાં આવ્યો હતો. બાળક શા માટે ઘરેથી નીકળી ગયો હતો? તેનું કારણ જાણીને પોલીસ દ્વારા બાળકનું કાઉન્સીલીંગ કરવામાં આવશે.

## વાયરિંગમાં શોર્ટસર્કિટથી બસ સળગી

# બાપુનગરમાં ડીમાર્ટ પાસે AMTS બસમાં આગ લાગી: મુસાફરોમાં અફરાતફરી મચી

**અમદાવાદ**

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં અનુપમ કોલોની પાસે ડીમાર્ટ પાસે આજે 27 જુલાઈએ વહેલી સવારે AMTS બસમાં આગ લાગવાની ઘટના બની હતી. એન્જિનના આગળના ભાગે શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. જેના પગલે તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી.



બસમાં રહેલા તમામ મુસાફરોને ડ્રાઈવરે નીચે ઉતારી દીધા હતા. ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લઈ લીધી હતી.

મળતી માહિતી મુજબ શહેરના બાપુનગર ડી માર્ટ પાસે સવારે 7 વાગ્યાની આસપાસ 300 નંબરની સર્ક્યુલર રૂટની બસ પસાર થતી હતી. તે દરમિયાનમાં અચાનક જ આગળના ભાગે એન્જિનમાં શોર્ટ સર્કિટ થયું હતું અને ધુમાડા નીકળ્યા હતા. જેથી ડ્રાઈવરે બસ ઉભી રાખી દીધી હતી અને તાત્કાલિક ધોરણે તમામ મુસાફરોને નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. મુસાફરો અને ડ્રાઈવર સહિતના લોકો નીચે ઉતરી ગયા હતા. ડ્રાઈવર દ્વારા ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડની બે ગાડીઓ સ્થળ ઉપર પહોંચી હતી.

ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાની શરૂઆત કરી હતી. એન્જિનમાં બસના આગળના ભાગે આગ લાગેલી હતી. જેને ફાયર બ્રિગેડે બુજાવી દીધી હતી. રોડ ઉપર બસમાં આગ લાગવાની ઘટના બનતા ટ્રાફિક પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને પોલીસે ટ્રાફિક જામની સ્થિતિને અટકાવી હતી.

# અમદાવાદના હેરિટેજ વિસ્તાર ઢાળની પોળમાં મોટો અકસ્માત: ઉપલી શેરીમાં જર્જરિત મકાન ધરાશાયી

### વાહનોનો કચડઘાણ, મધ્ય ઝોન એસ્ટેટ ટીમે હાથ ધર્યું રેસ્ક્યૂ

**અમદાવાદ**

કોટ વિસ્તારના ઐતિહાસિક અને ગીચ વસ્તી ધરાવતા ઢાળની પોળ વિસ્તારમાંથી એક મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. ચોમાસાના ભારે વરસાદ અને ભેજના કારણે ઢાળની પોળની 'ઉપલી શેરી'માં આવેલું એક જૂનું મકાન અચાનક ધડાકાભેર ધરાશાયી થયું હતું. ઘટનાને પગલે પોળના રહીશોમાં ભારે અફરાતફરી અને ફફડાટ વ્યાપી ગયો હતો.

સૌભાગ્યવશ, ઘટના સમયે મકાનની અંદર કે આસપાસ કોઈ હાજર ન હોવાથી જાનહાનિ ટળી છે, પરંતુ મકાનની નજીક પાર્ક કરેલાં દ્વિચક્રી વાહનો પર કાટમાળ પડતાં વાહનોનો કચડઘાણ નીકળી ગયો છે અને ભારે નુકસાન થયું છે. મકાન કોલાપ્સ થયાની જાણ થતાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની મધ્ય ઝોન એસ્ટેટ વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. વિસ્તાર કોર્ડન કરાયો: વધુ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે અને મનપાની ટીમે સુરક્ષાના ભાગરૂપે સમગ્ર ઉપલી શેરી વિસ્તારને બેરિકેટ્સ લગાવીને કોર્ડન કરી લીધો છે. યુદ્ધના ધોરણે કામગીરી: ધરાશાયી થયેલા મકાનનો બાકી રહેલો ભયજનક અને ઝૂકેલો ભાગ ગમે તે ક્ષણે પડી શકે તેમ હોવાથી તેને ઉતારવાની કામગીરી એસ્ટેટ ટીમ દ્વારા યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. કાટમાળ હટાવવાની પ્રક્રિયા: રસ્તા પર પડેલો ભંગાર અને કાટમાળ ખસેડીને પોળનો રસ્તો પૂર્વવત કરવા માટે મનપાના જવાનો મશગૂલ બન્યા છે. કોટ વિસ્તારમાં આવેલી સેંકડો પોળોમાં વર્ષો જૂના અને જર્જરિત મકાનો આવેલા છે, જે દર ચોમાસે નાગરિકોના જીવ માટે જોખમરૂપ બને છે. ઢાળની પોળની આ ઘટના બાદ સ્થાનિકો માગ કરી રહ્યા છે કે ચોમાસા દરમિયાન મનપા તંત્ર દ્વારા તમામ ભયજનક મકાનોની યોગ્ય તપાસ કરવામાં આવે, જેથી આવી મોટી દુર્ઘટનાઓથી નિર્દોષ લોકોના જીવ બચાવી શકાય.

## અમદાવાદના ધોલેરામાં મેઘતાંડવ

# પીપળી ગામમાં પૂરના પાણીમાં ફસાયેલા 58 ગ્રામજનો માટે NDRF બની દેવદૂત..!

**અમદાવાદ/ધોલેરા**

અમદાવાદ જિલ્લામાં સાર્વત્રિક અને ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો અને ગ્રામ્ય પંથકોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને ધોલેરા તાલુકામાં વરસેલા ભયાનક વરસાદને પગલે નદી-નાળાં છલકાયા છે અને અનેક ગામો સંપર્કવિહોણા બન્યા છે. આ આકાશી આફત વચ્ચે ધોલેરાના પીપળી ગામમાં પૂરના પાણી ભરાઈ જતાં ગામના ૫૮ જેટલા લોકો જળબંબાકાર વચ્ચે ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચેલી NDRF (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) ની ટીમે યુદ્ધના ધોરણે ભગીરથ બચાવ કામગીરી હાથ ધરીને તમામ ૫૮ ગ્રામજનોને સલામત રીતે બહાર કાઢી લીધા છે. જળબંબાકાર વચ્ચે NDRF નું લાઈવ ઓપરેશન: બોટ અને અદ્યતન સાધનોથી બચાવ ધોલેરા તાલુકાના પીપળી ગામમાં વરસાદી પાણીનું સ્તર સતત વધી રહ્યું હતું, જેના કારણે નીચાણવાળા મકાનોમાં પાણી




ઘૂસી જતાં લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. ત્વરિત પ્રતિસાદ: જિલ્લા પ્રશાસન અને કંટ્રોલ રૂમ દ્વારા સ્થિતિની ગંભીરતા સમજીને તાત્કાલિક NDRF ની ટુકડીને પીપળી ગામ ખાતે રવાના કરવામાં આવી હતી. જાનના જોખમે કામગીરી: NDRF ના જવાનોએ ધસમસતા પાણીના પ્રવાહ વચ્ચે રબર બોટ અને લાઈફ જેકેટની મદદથી એક-એક કરીને બાળકો, મહિલાઓ અને વડીલો સહિત તમામ ૫૮ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. રેસ્ક્યૂ કરાયેલા તમામ ગ્રામજનોને સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડીને તેમને ભોજન, પીવાનું પાણી અને પ્રાથમિક તબીબી સહાય પૂરી પાડવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી સમયમાં પણ અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જેને પગલે અમદાવાદ જિલ્લા કલેક્ટર અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ધોલેરા, ધંધૂકા સહિતના તમામ નીચાણવાળા વિસ્તારો પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# સોસાયટીમાં એક્ટિવા પાર્ક કરવા બાબતે તકરાર: શાહપુરમાં પિતા-પુત્રએ સોસાયટીની મહિલા સહિત 5 વ્યક્તિને છરા માર્યા

**અમદાવાદ**

અમદાવાદના શાહપુર વિસ્તારમાં આવેલી સરદારકુંજ સોસાયટીમાં એક્ટિવા પાર્ક કરવા બાબતે થયેલી તકરારમાં ભાડૂઆત પિતા-પુત્રએ ઉશ્કેરાઈને મહિલા સહિત સોસાયટીના પાંચ સભ્યો પર છરા વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પાંચેય લોકોને તાત્કાલિક સારવાર અર્થે વી.એસ. (SVP) હોસ્પિટલ ખસેડાયા છે. શાહપુર પોલીસે પિતા-પુત્ર સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સરદારકુંજ સોસાયટીમાં આરસીસી રોડનું કામ ચાલુ હોવાથી તમામ રહીશો વાહનો સોસાયટી બહાર પાર્ક કરતા હતા. રાત્રે સોસાયટીના સભ્ય સની પટેલ, તેમના પિતા અશોકભાઈ તેમજ નિલેશભાઈ અને સંદીપભાઈ કોમન પ્લોટમાં ઉભા હતા ત્યારે સોસાયટીમાં ભાડૂઆત તરીકે રહેતા રસિકભાઈ એક્ટિવા લઈને અંદર આવ્યા હતા. સભ્યોએ કામ ચાલુ હોવાથી




એક્ટિવા બહાર મૂકવા કહ્યું, પરંતુ રસિકભાઈ ગાળો બોલી અંદર જ પાર્ક કરવાની જિદ્દ કરવા લાગ્યા હતા. સભ્યો રસિકભાઈને સમજાવીને તેમના ઘરે મૂકવા ગયા ત્યારે તેમનો પુત્ર મયુર ઘર બહાર આવીને ગાળાગાળી કરી સની અને તેના પિતાને મારવા લાગ્યો હતો. ઝઘડો વધતાં રસિકભાઈ ઘરમાંથી છરો લઈ આવ્યા હતા અને સનીને છાતીના ભાગે તેમજ તેના પિતા અશોકભાઈને પેટમાં છરો મારી દીધો હતો. વચ્ચે પડેલા સોસાયટીના અન્ય સભ્યો નિલયભાઈ, સંદીપભાઈ અને પ્રોમિતાબેન પર પણ છરા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI